Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ.

संख्यास्तीर्थकृतः सुरेंद्रमहिताः पूज्या विधायामलां ।
सेव्याः सन्मुनयश्च पूज्यचरणाः श्राव्यं च जैनंवचः ॥
सच्छीलं परिपालनीयमतुलं कार्यं तपो निर्मलं ।
ध्येया पंचनमस्कृतिश्च सततं भाव्या च सद्भावना ॥१॥

પુસ્ત ૩૨ મું. ] આશ્વિન. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. [ અંક ૭ મો.

પ્રગટ કર્તા,
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.

૧ શાલિભદ્રની ભદ્રા પાસે યાચના. ... ... ... ... ૨૦૫
૨ વીરપુત્રોને જાગ્રત થવાની જરૂર. ... ... ... ૨૦૬
૩ પ્રશમરતિ પ્રકરણ—અર્થ વિવેચન યુક્ત. ... ... ૨૦૭
૪ જૈનોનું આસ્તિક્ય. ... ... ... ... ૨૧૪
૫ અભિમાન અને મમત્વ. ... ... ... ... ૨૨૨
૬ જિનરાજ—ભક્તિ. ... ... ... ... ૨૨૩
૭ ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર. ... ... ૨૨૯
૮ શ્રી ભાવનગર સંઘની કાર્યવ્યવસ્થા. ... ... ... ૨૩૭
૯ સુખનું સંશોધન. ... ... ... ... ૨૩૯

ભાવનગર—ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦–૪–૦ ભેટના પોસ્ટેજ સહિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તક પ્રસિદ્ધિ ખાતું.

### ૧ હાલમાં છપાય છે.

૧ શ્રી કર્મપ્રકૃતિ ગ્રંથ. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત મોટી ટીકાયુક્ત.
૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ગ્રંથ મોટી ટીકાયુક્ત.
૩ યંત્રપૂર્વક કર્મગ્રંથાદિ વિચાર ( પુસ્તકાકારે )
૪ શ્રી શાંતિનાથ ચરિત્ર, પદ્યબંધ સંસ્કૃત.
૫ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર. પર્વ ૮–૯ ભાષાંતર.
૬ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી ( શિલાછાપ )
૭ શ્રી ચંદરાજાનો રાસ. ભાવાર્થ ને રહસ્યયુક્ત. ( ગુજરાતી )
૮ શ્રી કર્પૂર પ્રકર ગ્રંથ મોટી ટીકાયુક્ત.
૯ શ્રી હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા સટીક ભાષાંતર.

### ૨ તૈયાર હોવાથી હવે છપાવા શરૂ થશે.

૧૦ શ્રી ઉપદેશ પ્રસાદ ગ્રંથ મૂળ. સ્થંભ ૭ થી ૧૨. સંસ્કૃત.
૧૧ શ્રી સપ્તતિકા ( છઠ્ઠા કર્મગ્રંથ ) ની ભાષ્ય. ટીકાયુક્ત.
૧૨ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૧૩ શ્રી હૈમલઘુ પ્રક્રિયા વ્યાકરણ. આવૃત્તિ ૨ જી.
૧૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગદ્યબંધનું ભાષાંતર.
૧૫ શ્રી હિરસૌભાગ્ય મહાકાવ્યનું ભાષાંતર.

### ૩ તૈયાર થાય છે.

૧૬ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ભાષાંતર.
૧૭ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. ( સ્વતંત્ર લેખ )
૧૮ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ, મૂળ. સ્થંભ ૧૩ થી ૨૪ સંસ્કૃત.

ઉપર જણાવેલા ગ્રંથો પૈકી નંબર ૧૧–૧૨–૧૪–૧૫–૧૬–૧૭–૧૮ ને માટે કોઈ ઉદાર ગૃહસ્થ સહાય આપવા ઇચ્છા ધરાવશે તો તેમની ઇચ્છાનુસાર તેમનું નામ જોડીને પ્રકટ કરવામાં આવશે. તંત્રી.

## पउम चरियम्.

આ અત્યંત પ્રાચીન માગધી ગાથાબંધ ગ્રંથ કે જેની રચના વિક્રમ સંવત ૬૦ માં થયેલી છે, તે અમારી તરફથી છપાવીને બહાર પાડવામાં આવેલ છે. તેમાં ૮૦૦૦ ઉપરાંત ગાથાઓ છે, છતાં કિંમત માત્ર રૂ. ૨ા રાખવામાં આવેલી છે. તેની અંદર રામચંદ્રાદિ અનેક ઉત્તમ પુરૂષોના ઘણા રસીક ચરિત્રો છે. જૈન રામાયણની રચના શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજાએ આની ઉપરથી કરેલી છે. આ ગ્રંથની અંદર પાના ૭૩ થી ૮૪ ( ફારમ ૧૩–૧૪ ) અસ્તાવ્યસ્ત છપાયેલ હોવાથી તે ફરીને છપાવવા પડેલા છે. જેમણે આ ગ્રંથ પ્રથમ મંગાવેલ હોય તેમણે આ બે ફારમો મંગાવી લેવા. નવા મંગાવનારે કિંમત ઉપરાંત પોસ્ટેજના પાંચ આના વધારે મોકલવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥

પુસ્તક ૩૨ મું. ] આશ્વિન. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. [ અંક ૭ મો.

## शालिभद्रनी भद्रा पासे याचना.

રાગ–કાલિંગડો.

જૂઠી બાજી જગતની મેં જાણી,
જેમાં મુગ્ધ બને આ પ્રાણી. જૂઠી.

અંતરથી અવલોકન કરતાં, રંગ પતંગી ભાસે;
[1]ચપલાની ચંચલ જ્યોતિ સમ, નાસે બીજે શ્વાસે. જૂઠી.

શ્રેણિક મુજ શિરપર છે સ્વામી, એ કંટક ખટકે છે;
દિવ્ય ભોગ ઋદ્ધિની સિદ્ધિ, જોઇ ન દિલ અટકે છે. જૂઠી.

રંભા ને રતિ સમ રમણીને, નિરખી મન ન વિકાસે;
વિષય વેલનો સ્પર્શજ કરતાં, મમ મન મધુકર ત્રાસે. જૂઠી.

માત હવે અનુમતિ દ્યો મુજને, જાઉં ચરમ–જિન–ચરણે;
ચરણ–શરણ લઈ શિવપદ સાધું, ફરૂં ન ફરિ ફરિ મરણે. જૂઠી.

અષ્ટ માતા[2] મુજ રક્ષા કરશે, નિર્ભય થઈ સંચરશું;
રત્નત્રયી–ઋદ્ધિ વિસ્તારી, મુક્તિ–વધૂને વરશું. જૂઠી.

રત્નસિંહ—દુમરાકર.

૧ વીજળી. ૨ પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वीरपुत्रोने जाग्रत थवानी जरुर.

( લાવણી. )

મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી—એ રાગ.

ક્યાં વીર શાસનપતિ ક્યાં શ્રેણીક મહારાજા, ક્યાં સંપ્રતી કુમાર ભૂપ હેમસૂરિ તાજા,
ક્યાં વિમળ વસ્તુ જગડુ ધનશ્રેષ્ટિ અથાગો, એકદિન અભ્યુદય થશે પ્રયત્ન ન ત્યાગો.
અહા ! ઉદયકાળ વહી ગયો પડતી કેમ આવી, કરી તપાસ ઉદ્યમ કરો સુધરવા ભાવી,
આપત્તિ વેળા હામણે કર દઈ નવ ભાગો. એકદિન૦ ૨
સુખ દુઃખ અસ્તોદય ભરતી ઓટ પ્રમાણે, ઘટમાળ સમો સંસાર વિબુધ જન જાણે,
કદી શાસન ઉન્નતિ થશે જૈનીઓ જાગો. એકદિન૦ ૩
દુપ્પસહસૂરિ તક અવિચ્છિન્ન સુશાસન રહેશે, ઉન્નતિ અવનતિમાં ધર્મની ઝરણાં વહેશે
શુભ સમય ફરી આવશે ધૈર્ય નવ ત્યાગો. એકદિન૦ ૪
નિજ કોમ કુટુંબમાં કરો એકતા આજે, જ્યાં સંપ જંપ ત્યાં વાસ લક્ષ્મીનો છાજે,
ધાર્મિક વ્યવહારિક નૈતિક ચલાવો સાગો. એકદિન૦ ૫
નિજ સંતતિપર સંસ્કાર ધર્મના સ્થાપો, વ્યવહારિક નીતિમય કેળવણી શુભ આપો
વીરપુત્રો શાસન ઉન્નતિ કામે લાગો, એકદિન૦ ૬
આધારભૂત શુભ સ્રીકેળવણી આપો, નિજ સંતતિપર પડશે માતાની છાપો,
તસ ખોળે ખેલતી પ્રજા થશે મહા ભાગો. એકદિન૦ ૭
તજી હાનીકારક ચાલ કરો સુધારા, વૃદ્ધબાળલગ્ન જડમૂળથી ઉખેડો પ્યારા,
કન્યાવિક્રયથી પડતી પડઘો વાગ્યો. એકદિન૦ ૮
લખલૂટ ખરચ કરી ન્યાતવરા ન જમાડો; સાધર્મિ માટે નિરાશ્રિત ફંડ ઉઘાડો,
સુખી સાધર્મી તે સ્વામીવત્સલ સાચો. એકદિન૦ ૯
ધનવાન્ ને બુદ્ધિવાન્ વર્ગ મળી ભેળા, સ્થાપો હુન્નરશાળા બોર્ડિંગ સવેળા,
નિજ ધર્મી નિર્ધન અભણની આપદા ભાંગો. એકદિન૦ ૧૦
શ્રુત જ્ઞાન સમાન ન અવર તત્વ કોઇ બીજું, અજ્ઞાનતિમિર દૂર થાય નેત્ર એ ત્રીજું;
તે જ્ઞાનોદ્ધાર કરી ભવિ ભાવઠ ભાંગો. એકદિન૦ ૧૧
શુભ ચૈત્ર શુક્લ ત્રયોદશી દિવસે પ્રતિવર્ષે, વીરજન્મજયંતી ઉજવો ગુણ ગાઇ હર્ષે,
તજી કાયરતા વીર પાસે વીરતા માગો. એકદિન૦ ૧૨
ધરી ધૈર્ય ઢાલ કરવાળ ક્ષમાની ધારો, સદ્વર્તન કવચ ઉદ્યમ વાજી અસવારો,
યાહોમ કરી ભવરણ રંગે જય માગો. એકદિન૦ ૧૩
ભારી ભારત જૈન સમાજ પ્રબંધો બાંધો, કરી સંપ એકતા દક્ષ કાર્ય નિજ સાધો,
જયવાદ્ય નાદ સાંકળચંદ જગમાં વાગો. એકદિન૦ ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्रशमरति प्रकरण.

[ અર્થ વિવેચન યુક્ત ]

( અનુસંધાન પૃષ્ટ ૧૮૩ થી )

પૂર્વોક્ત સર્વ અંતરાયોમાં પણ કષાય શત્રુઓનું જોર જબરૂં છે તેથી ઇન્દ્રિયાદિક સર્વ ગણના નાયકરૂપ કષાયોનોજ વિજય કરવો જોઇએ. તે કહે છે—

तस्मात्परीषहेन्द्रियगौरवगणनायकान्कषायारिपून् ।
क्षान्तिबलमार्दवार्जवसंतोषैः साधयेद्धीरः ॥ १६५ ॥
संचिन्त्य कषायाणामुदयनिमित्तमुपशान्तिहेतुं च ।
त्रिकरणशुद्धमपि तयोः परिहारासेवने कार्ये ॥ १६६ ॥

**ભાવાર્થ**:—તેટલા માટે પરીષહ, ઇંદ્રિય અને ગૌરવ ગણના નાયક એવા કષાય શત્રુઓનો ક્ષમા, મૃદુતા, રૂજુતા અને સંતોષવડે કરીને વીર પુરૂષોએ જય કરવો કષાયના ઉદય નિમિત્ત અને ઉપશાંતિના નિમિત્ત સમ્યગ્ રીતે વિચારીને ત્રિકરણ શુદ્ધિથી તેમનો અનુક્રમે ત્યાગ અને આદર કરવો. ૧૬૫–૧૬૬

**વિવેચન**—નાયક જિતાયે છતે 'હતં સૈન્યં અનાયકં' એ ન્યાયે પછી ઇન્દ્રિયાદિકનું જોર ચાલતું નથી, તેથી પરિષહ, ઇંદ્રીઓઅને ગૌરવ (અભિમાન) રૂપ સમૂહના નાયક–સેના પ્રવર્તાવનાર કષાયોને કયા સાધનથી જીતવા ? તે શાસ્ત્રકાર પોતેજ જણાવે છે. ક્ષમાબળ, માર્દવ–મૃદુતાબળ, આર્જવ–સરલતાબળ અને સંતોષ બળવડે અનુક્રમે પૂર્વોક્ત ક્રોધ, માન, માયા અને લોભ કષાયને ધીર પુરૂષે જીતી લેવા જોઇએ. ધૈર્ય–અડગતા સાથે ઉદ્યમથી શું શું સિદ્ધ નથી થતું ? કહે છે કે—'Patience and Persivedrance over come mountains.'

જે જે કારણોને પામીને ક્રોધાદિક કષાયો ઉત્પન્ન થતા હોય તેનો, અને જે જે કારણોથી ક્રોધાદિ કષાયો શાન્ત–ઉપશાન્ત થતા હોય તેનો, સારી રીતે વિચાર કરીને રાગ દ્વેષ અને મોહને નિવારવા માટે ત્રિકરણ શુદ્ધે કષાય ઉત્પત્તિનાં કારણોનો ત્યાગ અને કષાય શાન્તિનાં કારણોનું આસેવન–મન વચન કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું તે અવશ્યનું છે. એટલા માટે ક્ષમાદિક દશવિધ સાધુધર્મનું અનુશીલન કરવું જોઇએ એમ શાસ્ત્રકાર કહે છે. ૧૬૫–૧૬૬

सेव्यः क्षान्तिर्मार्दवमार्जवशौचे च संयमत्यागौ ।
सत्यतपोब्रह्माकिंचन्यानीत्येष धर्मविधिः ॥ १६७ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભા૦–ક્ષમા, મૃદુતા, ઋજુતા, પવિત્રતા, સંયમ, સંતોષ, સત્ય, તપ, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહતા એ રીતે દશવિધ ધર્મવિધિ સેવવા યોગ્ય છે. ૧૬૭

વિ૦–તે ક્ષમાદિક દશવિધ ધર્મના ભેદોનાં નામ જણાવે છે. ૧ ક્ષમા–આક્રોશ પ્રહારાદિક સહન કરવા. ૨ માર્દવ–માનનો વિજય કરવો. ૩ આર્જવ–ઋજુતા–જેવું કરવું એવુંજ કહેવું. ૪ શૌચ–પવિત્રપણું–પ્રમાણિકપણું સાચવવું; અથવા અલોભતા–તૃષ્ણાનો ત્યાગ કરવો. ૫ સંયમ–હિંસાદિ આશ્રવોનું વિરમણ. ૬ ત્યાગ–વધ બંધનાદિ તજવા અથવા સાધુજનોને આહારપાણી પ્રમુખ ઉદાર બુદ્ધિથી ( નિઃસ્વાર્થપણે ) આણી આપવું. ૭ સત્ય–પ્રિય પથ્ય અને તથ્ય કથન. ૮ તપ–અનશનાદિક દ્વાદશવિધ. ૯ બ્રહ્મ–મૈથુન નિવૃત્તિ અને ૧૦ આકિંચન્ય–નિષ્પરિગ્રહતા ધારવી અર્થાત્ ધર્મોપકરણ વગર કંઇ પણ લેવું–રાખવું નહિ. એ દશવિધ સાધુધર્મ કહ્યો છે. ૧૬૭

હવે શાસ્ત્રકાર પ્રથમ ક્ષમાધર્મની પ્રધાનતા બતાવતા સતા કહે છે.

धर्मस्य दया मूलं न चाक्षमावान्दयां समादत्ते ।
तस्माद्यः क्षान्तिपरः स साधयत्युत्तमं धर्मम् ॥ १६८ ॥

ભા૦–ધર્મનું મૂળ દયા છે. ક્ષમારહિત માણસ દયાને સારી રીતે આદરી શકતો નથી, તે માટે જે **ક્ષમા આપવામાં** તત્પર છે તે ઉત્તમ ધર્મને સાધી શકે છે.૧૬૮

વિ૦–જે આ દશ પ્રકારનો ધર્મ કહ્યો તેનું મૂળ દયા છે. પ્રાણીઓની રક્ષા–અહિંસા એજ દયા. પ્રાણીના પ્રાણરક્ષણ અર્થેજ સમસ્ત વ્રતો ગ્રહણ કરવાનો ઉપદેશ છે. જે ક્ષમા–સહનશીલતા રહિત હશે તે દયા એટલે પ્રાણીની પ્રાણરક્ષા કરી શકશે નહિ. ક્રોધથી વ્યાપ્ત બનેલો જીવ કંઈ પણ ચેતન કે અચેતનને તેમજ આ લોક સંબંધી કે પરલોક સંબંધી કષ્ટ–દુઃખને જોઈ શકતો નથી. તેથી જે ક્ષમાપ્રધાન–ક્ષમાળુ હોય છે તેજ દશ પ્રકારના ઉત્તમ ધર્મને સાધી–આરાધી શકે છે. ૧૬૮

હવે માર્દવ–મૃદુતા આશ્રી શાસ્ત્રકાર કહે છે.

विनयायत्ताश्च गुणाः सर्वे विनयश्च मार्दवायत्तः ।
यस्मिन्मार्दवमखिलं स सर्वगुणभाक्त्वमाप्नोति ॥ १६९ ॥

ભા૦–સર્વે ગુણો વિનયને આધીન છે, અને વિનય મૃદુતાને આધીન છે. જેમાં સંપૂર્ણ **મૃદુતા** વસી છે તે સર્વ ગુણસંપન્ન થાય છે. ૧૬૯

વિ૦–સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિક ઉત્તમ ગુણો પ્રત્યે જે ભકિતભાવ તેનું નામ વિનય. એ વિનયને આધીન સર્વ ગુણો રહેલા છે, અને એ વિનય માર્દવ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃદુતાને આભારી છે. માર્દવ એટલે માનનો જય. ગર્વ તજ્યે છતે, ગુણીજનો સ્વસમીપ આવ્યે છતે ઉભા થવું, હાથ જોડીને અદબ સાચવવી એ આદિક ઉપચારને વિનય કહેવાય છે. જેના વિષે જાતિ, કુળ, બળ, લાભાદિ સંબંધી સઘળા મદને ગાળી નાંખનાર સંપૂર્ણ માર્દવ હોય છે તે સર્વ ગુણસંપન્ન થઈ શકે છે, અર્થાત્ તેને જ્ઞાન, દર્શન અને ચારિત્રને સાધનાર સઘળા ગુણો સંપ્રાપ્ત થાય છે. તેથી માન-અહંકારને દૂર કરી સમસ્ત ગુણોને વશ કરી આપનાર એવા વિનયગુણને ઉત્પન્ન કરનાર માર્દવનું સારી રીતે સેવન કરવું. ૧૬૯

હવે આર્જવ-ઋજુતા-સરલતા આશ્રી ફરમાવે છે.

नानार्जवोविशुध्यति न धर्ममाराधयत्यशुद्धात्मा ।
धर्मादृते न मोक्षो मोक्षात्परमं सुखं नान्यत् ॥ १७० ॥

ભા૦-ઋજુતા વિનાનો કોઈ શુદ્ધિને પામતો નથી, અશુદ્ધ આત્મા ધર્મ આરાધી શકતો નથી, ધર્મ વિના મોક્ષ નથી, અને મોક્ષ વિના બીજું કોઈ પરમ સુખ નથી. ૧૭૦

વિ૦-માયા-શઠતા-કુટિલતા તેથી વિપરીત આર્જવ યા ઋજુતા, તે તેનું નામ છે કે જેવું કરવું તેવું વદવું. કંઇપણ ગોપવવું નહિ કે ઢાંકપિછોડો કરવો નહિ. જે એવી સરલતા-પ્રમાણિકતા સાચવે નહિ તે ઋજુ કહેવાય નહિ, અને તેની શુદ્ધિ થઇ શકે નહીં. જે પોતાનાથી થયેલા અપરાધોને આલોચી-નિંદી તેનું યોગ્ય પ્રાયશ્ચિત્ત યથાર્થ રીતે અંગીકાર કરે છે તેની શુદ્ધિ થાય છે. અશુદ્ધ-મલીન આત્મા ક્ષમાદિક દશવિધ ધર્મને આરાધી શકતો નથી, તે વગર મોક્ષપ્રાપ્તિ થઈ શકતી નથી. અને મોક્ષપ્રાપ્તિ વગર એકાન્તિક અને આત્યન્તિક સુખનો લાભ મળતો નથી, તેટલા માટે નિજ પાપ-દોષની આલોચનાદિક કરતી વખતે સરલતા-નિઃશલ્યતા રાખવીજ જોઇએ. ૧૭૦

હવે શાસ્ત્રકાર શૌચધર્મ કેવી રીતે પાળવો યુક્ત છે તે બતાવે છે.

यद्द्रव्योपकरणभक्तपानदेहाधिकारकं शौचम् ।
तद्भवति भावशौचानुपरोधाद्यत्नतः कार्यम् ॥ १७१ ॥

ભા૦-જે ઉપકરણ, આહાર, પાણી અને દેહને આશ્રીને દ્રવ્યશૌચ કરવો ઘટે તે ભાવશૌચને બાધક ન પહોંચે તેમ યત્નથી કરવા યોગ્ય છે. ૧૭૧

વિ૦-દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારનો શૌચ કહ્યો છે. સચેતનાદિ શિષ્યાદિ દ્રવ્યમાં જો અયોગ્યતાદિ દોષો હોય તો તે ત્યાજ્ય છે. જ્ઞાનાદિકનાં ઉપકરણો જો ઉદ્-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમાદિવડે શુદ્ધ મળે તો શુચિ, અન્યથા અશુચિ. આહારપાણી પણ ઉદ્ગમાદિવડે શુદ્ધ મળે તો શુચિ અન્યથા અશુચિ. અને દેહશુચિ જે મળશુદ્ધિ કર્યા બાદ નિર્લેપ અને નિર્ગંધ થવાય તેમ કરવું તે. તેમજ બીજાં વસ્ત્રાદિ અચેતન દ્રવ્ય ઉપકરણાદિ સંબંધી મળ પ્રક્ષાલનાદિ વિષે શાસ્ત્રોક્ત રીતિ મુજબ વર્તવું. એટલે કે નિર્લોભતા–નિઃસ્પૃહતારૂપ ભાવશૌચને બાધક ન આવે તેમ સચેતન કે અચેતન દ્રવ્ય ઉપકરણાદિની પ્રયત્નથી પરીક્ષા કરી, મળપ્રક્ષાલનાદિ વિષે યથાયોગ્ય પ્રવર્તવું. ૧૭૧

હવે સંયમ આશ્રી શાસ્ત્રકાર કહે છે.

पञ्चास्रवाद्विरमणं पञ्चेन्द्रियनिग्रहः कषायजयः ।
दण्डत्रयविरतिश्चेति संयमः सप्तदशभेदः ॥ १७२ ॥

**ભા૦**–હિંસાદિક પંચાશ્રવથી વિરમવું, પાંચેઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ચાર કષાયનો જય કરવો અને મન વચન અને કાયાના ત્રણ દંડથી વિરમવું એમ **સંયમ** ૧૭ પ્રકારે છે. ૧૭૨

**વિ૦**–પાપસ્થાનકોથી પાછા નિવર્તવું તે સંયમ સત્તર પ્રકારનો છે. પ્રાણાતિપાતાદિક જે પાંચ કર્માશ્રવના હેતુઓ તેથકી વિરમવું; સ્પર્શનાદિક પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો, ક્રોધાદિ ચાર કષાયનો જય કરવો–ઉદય નિરોધ કરવો અથવા ઉદિત થયેલને નિષ્ફળ ( ફળરહિત ) કરવા, તેમજ મન, વચન અને કાયાના દંડથી વિરમવું, અર્થાત્ મનથી અભિદ્રોહ, અભિમાન, ઇર્ષ્યાદિ ન કરવા; જીભથી નિર્દય, કઠોર કે અસત્ય ન બોલવું; અને કાયાથી જયણારહિત ધાવનાદિક ક્રિયા ન કરવી. એ રીતે ૧૭ ભેદે સંયમ સમજવો. ૧૭૨

बांधवधनेन्द्रियसुखत्यागात्त्यक्तभयविग्रहः साधुः ।
त्यक्तात्मा निर्ग्रंथस्त्यक्ताहंकारममकारः ॥ १७३ ॥

**ભા૦**–બાન્ધવ, ધન, અને ઇંદ્રિયસુખના ત્યાગ**થી** જેણે ભય અને વિગ્રહ તજ્યા છે, અને અહંકાર મમકાર તજ્યા છે એવા ત્યાગી સાધુજ નિર્ગ્રંથ કહેવાય છે. ૧૭૩

વિ૦–સ્વજન–બાંધવોનો, સુવર્ણાદિક ધનનો અને સ્પર્શન પ્રમુખ ઇન્દ્રિય સંબંધી વિષયસુખનો ત્યાગ કરવાથી એટલે તેમાં માધ્યસ્થ્ય ધારવાથી જેણે અહંકાર અને મમકાર ( અહંતા અને મમતા ) તજી દીધાં છે, અને એ રીતે અસંયમ પરિણામનો જેણે ત્યાગ કરેલ છે તે સાધુને ઇહલોક પરલોકાદિ સપ્તવિધ ભય, દેહાધ્યાસ ( શરીર મમતા ) અથવા કોઈ પણ જાતનો કલેશ રહેતો નથી. અષ્ટવિધ કર્મનો જય કરવામાં પ્રવૃત્ત એવા ત્યાગી સાધુ ખરા નિર્ગ્રંથ મહાત્મા છે. ૧૭૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે શાસ્ત્રકાર સત્ય સંબંધી સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

आविसंवादनयोगः कायमनोवागजिह्मता चैव ।
सत्यं चतुर्विधं तच्च जिनवरमतेऽस्ति नान्यत्र ॥ १७४ ॥

ભા૦-પૂર્વાપર અવિરૂદ્ધ વચનનો ઉચ્ચાર કરવો અને તન મન વચનની એકતા-**અકુટિલતા** આદરવી એમ ચાર પ્રકારનું **સત્ય શ્રી જિનેશ્વર શાસનમાં** કહ્યું છે; અન્યત્ર કહેલું નથી. ૧૭૪

વિ૦-અન્યથા સ્થિત વસ્તુને અન્યથા ભાષવી જેમકે બળદને ઘોડો કહેવો અને ઘોડાને બળદ કહેવો અથવા ચાડીયો થઈને કે ગમે તે રીતે સામાને ભંભેરી પ્રીતિનું છેદન કરવું તે વિસંવાદન યોગ કહેવાય. તેમ નહિ કરતાં વસ્તુને વસ્તુગતે કહેવી તે પ્રથમ સત્ય—અવિસંવાદન યોગ જાણવો, કાયાવડે કૃત્રિમ વેષ ધારીને જે પરવંચના કરવી, તેવી કાય કુટિલતા ન કરે તે બીજો અવકકાય સત્યભેદ સમજવો. મનવડે પ્રથમથી જ એવી આલોચના કરીને બોલે અથવા કરે કે જેથી પરવંચના થવા ન પામે તે અવક મન સત્ય નામે ત્રીજો ભેદ જાણવો. તેમજ સદ્ભૂતનો અપલાપ અને અસદ્ભૂતનું ઉદ્ભાવન (પ્રગટન) તથા કટુક, કર્કશ અને સાવદ્યાદિ નહિ વદતાં અવક્રવાણી વદવી તે અવક્ર વચન સત્ય જાણવું, એ ચતુર્વિધ સત્ય **જૈનેંદ્ર** શાસનમાં જ સંભવે છે. અન્યત્ર આવું સત્ય સંભવતું નથી.૧૭૪

હવે શાસ્ત્રકાર તપ સંબંધી સમજ આપે છે. તેમાં બાહ્ય અભ્યંતર તપના ૬ ૬ ભેદો બતાવે છે.

अनशनमूनोदरता वृत्तेः संक्षेपणं रसत्यागः
कायक्लेशः संलीनतेति बाह्यं तपः प्रोक्तम् ॥ १७५ ॥
प्रायश्चित्तध्याने वैयावृत्त्यविनयावथोत्सर्गः ।
स्वाध्याय इति तपः षट् प्रकारमभ्यन्तरं भवति ॥ १७६ ॥

ભા૦-અનશન, (આહાર ત્યાગ), ઉનોદરી (આહારમાં ઓછાશ કરવી), વૃત્તિસંક્ષેપ (નિયમિત રહેવું), રસત્યાગ (વિગય તજવી), કાયક્લેશ (શીતતાપાદિ સમભાવે સહેવાં) અને સંલીનના (સ્થિરાસને રહેવું) એ ૬ પ્રકારનો **બાહ્ય તપ** કહ્યો છે. પ્રાયશ્ચિત્ત (પાપની આલોચના). ધ્યાન, વૈયાવચ્ચ, વિનય, કાયોત્સર્ગ, અને સ્વાધ્યાય. એ રીતે **અભ્યંતર તપ** પણ ૬ પ્રકારનો છે. ૧૭૫-૧૭૬

વિ૦-૧ એક ઉપવાસથી માંડી ૬ માસ પર્યંત કાળ અવધિવાળું અનશન, અને બીજું ભક્ત પ્રત્યાખ્યાન,, ઇંગિની મરણ, પાદપોપગમન નામે કાળ અવધિ વગરનું જીવિત પર્યંત **અનશન** જાણવું. ૨ ઉત્તમ પુરૂષ યોગ્ય બત્રીશ કવલના આહારથી યથાશક્તિ ન્યૂનતા આઠ કવળ સુધી કરવી તે **ઉણોદરી** નામે તપ જા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણવો. ૩ વૃત્તિ–વર્ત્તન–ભિક્ષાનું સંક્ષેપવું, પરિમિત અન્નપાન ગ્રહણ કરવું અથવ અમુક દત્તિના માનથી ભિક્ષા ગ્રહણ કરવી તે **વૃત્તિસંક્ષેપ** તપ. ૪ દૂધ, દહિં, ઘી ગોળ, નવનીત પ્રમુખ વિગઇ (વિકૃતિજનક પદાર્થો)નો ત્યાગ કરવો તે **રસત્યાગ** તપ. ૫ કાયોત્સર્ગ મુદ્રા યા ઉત્કટુકાસનાદિ વડે આતપનાદિ કષ્ટ સહેવાં તે **કાય** **ક્લેશ** નામે તપ અને ૬ ઇન્દ્રિયો તથા મનને ગોપવી રાખવાં અર્થાત્ કાચબાની પેરે અંગોપાંગને સંકોચી રાખવા અને રાગદ્વેષના હેતુરૂપ શબ્દાદિક વિષયોથી નિ વર્તી ઇન્દ્રિયોને નિયમમાં રાખવી તે ઇન્દ્રિય સંલીનતા તથા મનનો તથા કષાયનો નિગ્રહ કરવો, આર્ત રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો એ નોઇન્દ્રિય **સંલીનતા** તપ. એ રીતે છ પ્રકારનો બાહ્ય તપ જાણવો. બાહ્ય તપ અભ્યંતર તપની પુષ્ટિ માટે કરવાને હોવાથી હવે છ પ્રકારનો અભ્યંતર તપ ગ્રંથકાર વખાણે છે.

૧ અતિચાર રૂપ મળને પ્રક્ષાલન કરવા માટે આલોચનાદિક દશ પ્રકારનું પ્રાયશ્ચિત્ત નામે તપ. ૨ એકાગ્ર ચિત્તનિરોધ રૂપ **ધ્યાન** નામે તપ; તેમાં આર્ત્ત રૌદ્રનો ત્યાગ અને ધર્મશુક્લનો આદર. ૩ આહાર પાણી વસ્ત્રાદિકવડે આચાર્યાદિક દશ પૂજ્યપદની ભક્તિ અને શરીર સુશ્રૂષા કરવારૂપ **વૈયાવૃત્ય** નામે તપ. જેના વડે અષ્ટવિધ કર્મનો ક્ષય થવા પામે તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર તથા ઉપચાર ભેદે **વિનય** તપ. ૫ વગર જરૂરનાં ઉપકરણ અને ભક્તપાનનો ત્યાગ કરી દેવો અને અંતરથી મિથ્યાત્વ કષાયાદિકનો ત્યાગ કરવો તદ્રૂપ **ઉત્સર્ગ** નામે તપ. અને ૬ વાંચના, પૃચ્છના, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ પંચવિધ **સ્વાધ્યાય** નામે તપ જાણવો. આમાં **આર્ત્તધ્યાન** તે અનિષ્ટસંયોગ, ઇષ્ટવિયોગ, અગ્ર શોચ અને વ્યાધિ–વેદના પ્રત્યેની ચિંતારૂપ. **રૌદ્રધ્યાન** તે હિંસાનુબંધિ, મૃષાનુ બંધિ, સ્તેયાનુબંધિ અને વિષય સંરક્ષણ સંબંધી ચિત્ત એકાગ્રતા. **ધર્મધ્યાન** તે આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાન વિચયરૂપ ચાર પ્રકારનું અને **શુક્લધ્યાન** તે પૃથક્ત્વ વિતર્ક સપ્રવિચાર, એકત્વ વિતર્ક અપ્રવિચાર, સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ, તથા વ્યુપરત ક્રિયા અનુવર્ત્તન (અનુવૃત્તિ) રૂપ. એમ દરેકના ચાર ચાર ભેદો સમજવા.

ઉપચાર વિનય તે વિનય કરવા યોગ્ય પૂજ્ય જનો આવ્યે છતે ઉભા થઇ જવું, હાથ જોડવા, બેસવા આસન આપવું, આજ્ઞા વચન સાંભળવા ઉત્કંઠિત થવું તેમજ બહારથી આવ્યા બાદ દંડ ગ્રહણ અને ચરણ પ્રક્ષાલનાદિક કરવું. એમ સર્વ રીતે ઉચિતતા સાચવવી. ૧૭૫–૧૭૬

શાસ્ત્રકાર હવે બ્રહ્મચર્ય સંબંધી પ્રતિપાદન કરતા છતા કહે છે.

दिव्यात्कामरतिसुखात्त्रिविधं त्रिविधेन विरतिरिति नवकं ।
औदारिकादपि तथा तद्ब्रह्माष्टदशविकल्पम् ॥ १७७ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભા૦**–દિવ્ય તથા ઔદારિક કામભોગ સંબંધી સુખથકી ત્રિવિધે ત્રિવિધે નિવર્તવું. એવી રીતે **બ્રહ્મચર્ય** અઢાર પ્રકારનું છે. ૧૭૭

વિ૦-દિવ્ય અને ઔદારિક વિષયભોગ થકી ત્રિવિધે ત્રિવિધે નિવર્તતાં તેના અઢાર ભેદ થાય છે. એવી રીતે કે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વિમાનવાસી દેવીઓ સંબંધી દિવ્ય વિષયભોગથી મન, વચન અને કાયાવડે કૃત, કારિત અને અનુમોદન ભેદે નિવર્તવાથી નવ ભેદ થાય, તેવીજ રીતે મનુષ્ય અને તિર્યચ સંબંધી ઔદારિક વિષયભોગથી ત્રિવિધે ત્રિવિધે નિવર્તતાં તેના નવ ભેદ થાય. એમ્હા મળીને અઢાર ભેદો થાય છે. ૧૭૫

શાસ્ત્રકાર હવે છેલ્લે આકિંચન્ય–અકિંચનતા સંબંધી સ્વરૂપ નિરૂપણ કરે છે.

अध्यात्मविदो मूर्च्छां परिग्रहं वर्णयन्ति निश्चयतः ।
तस्माद्वैराग्येप्सोराकिञ्चन्यं परो धर्मः ॥ १७८ ॥

**ભા૦**-અધ્યાત્મજ્ઞાનીઓ નિશ્ચયથી મૂર્છાનેજ પરીગ્રહ કહે છે, તેથી વૈરાગ્યના અર્થીને **નિષ્પરીગ્રહતા–નિઃસ્પૃહતા** એ પરમ ધર્મ છે. ૧૭૮

વિ૦–નિજ આત્મસ્વરૂપ વેદી–કેવી રીતે આત્મા કર્મથી બંધાય છે અને કેવી રીતે તેથી મુક્ત થાય છે તેને સારી રીતે સમજનારા, અને નિજ સ્વરૂપ સામે લક્ષ રાખી વીતરાગ વચનાનુસારે શુદ્ધ ક્રિયાને સેવનારા મહાશયો નિશ્ચયનયના અભિપ્રાયે મૂર્છા–મમતાને જ પરિગ્રહરૂપ વર્ણવે છે. તેથી વૈરાગ્ય–વિતરાગતાને ઇચ્છનારા સાધુજનોને અકિંચનતા એ પરમ ધર્મ છે. નિઃસ્પૃહતાધારી એવા તેમણે કોઇપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવ સંબંધી પ્રતિબંધ યા મૂર્છા–મમતા રહિત જ રહેવું એમાં જ સર્વ હિત સમાયેલું છે. ૧૭૮

એવી રીતે મૂર્છારહિતપણે ધર્માનુષ્ઠાન સેવવાનું ફળ શાસ્ત્રકાર હવે દર્શાવે છે.

दशविधधर्मानुष्ठायिनः सदा रागद्वेषमोहानाम् ।
दृढरूढघनानामपि भवत्युपशमोऽल्पकालेन ॥ १७९ ॥

**ભા૦**–પૂર્વોક્ત દશવિધ ધર્મનું સદા સેવન કરનારને અત્યંત નિવિડ થયેલા પણ રાગ દ્વેષ અને મોહનો અલ્પકાળમાં ક્ષય થાય છે. ૧૭૯

વિ૦–ક્ષમાદિક દશ પ્રકારનો ધર્મ ઉપર જણાવ્યા મુજબ સદાય સેવનાર સાધુજનોને ગમે તેવા દ્રઢ રૂઢ થઇને જામી ગયેલા એવા રાગ દ્વેષ અને મોહ નામના મહા વિકારોનો અલ્પ કાળમાં ક્ષય અથવા ઉપશમ થાય છે, મતલબ કે તેમને પ્રથમ ગમે તેટલો દ્રઢ થયેલો રાગ, રૂઢ થયેલો દ્વેષ અને જામી ગયેલો મોહ હોય તો તે તમામ આ ઉત્તમ ક્ષમાદિ ધર્મના સતત્ સેવનથી–તેના પ્રભાવથી હતપ્રહત થઇ નષ્ટ થઇ જાય છે યા ઉપશાન્ત થઇ જાય છે. ૧૭૯

સન્મિત્ર કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોનું આસ્તિક્ય.[1]

જેઓ ઇશ્વરને જગત કર્ત્તા તરીકે માને છે, તેઓ કેટલીક વખત જૈન ધર્મને એક નાસ્તિક ધર્મ તરીકે ગણે છે, પણ જૈન ધર્મ વ્યાજબી રીતે નાસ્તિક ગણી શકાય તેવો ધર્મ નથી. જૈન ધર્મ ઇશ્વર (પરમાત્મા)ના અસ્તિત્વની કદી ના પાડતોજ નથી. જૈન શાસ્ત્રોમાં પરમાત્મા-પરમેશ્વરનું વર્ણન કરેલું સર્વત્ર માલુમ પડે છે, પણ તે ગ્રંથોમાં આપેલ અને બીજા ગ્રંથોમાં બતાવેલ ઇશ્વર સંબંધીના વર્ણનમાં કેટલોક ફેર છે. બંનેના વર્ણનમાં ઘણે સ્થળે ભિન્નતા માલુમ પડે છે. સર્વેથી મોટો ફેર-ભિન્નતા તેજ છે કે કેટલાક ધર્મગ્રંથોમાં ઇશ્વરને સૃષ્ટિના પેદા કરનાર અને ચલાવનાર તરીકે વર્ણવ્યો છે, ત્યારે જૈન ગ્રંથોમાં ઇશ્વરને તેવી રીતે વર્ણવેલ નથી. જૈન ધર્મના વર્ણનમાં તે ધર્મની માન્યતા પ્રમાણે ઇશ્વર-પરમાત્મા તે સર્વજ્ઞ અને તદ્દન સુખી-શાંત આત્મા છે, અનંત શક્તિવાળો છે, વળી કોઇ પણ જાતના બાહ્ય-પૌદ્‍ગળિક પરમાણુઓથી રહિત શુદ્ધ આત્મા છે, અને તે કોઇ દિવસ ન મરે કે ન જન્મે કે તેનો કદિ નાશ ન થાય (અજરામર) તેવો તે છે.

કોઇ પણ વસ્તુના અસ્તિત્વનો તદ્દન અસ્વીકાર કરવો તે એક જુદી વાત છે, અને તે વસ્તુના અસ્તિત્વને સ્વીકારતાં તેના અમુક ગુણોનો સ્વીકાર ન કરવો-ગુણોમાં મતભેદ પડવો તે જુદી બાબત છે. જેઓ શરીર અથવા અન્ય પૌદ્‍ગળિક પદાર્થોથી જુદા આત્માનું[2] અસ્તિત્વ સ્વીકારતા નથી તેઓની સાથે જૈન ધર્મની ગણત્રી કદી આવી શકશે નહિ. જૈનો પવિત્ર તથા તદ્દન શુદ્ધ આત્માને માનનારા છે. પવિત્ર-તદ્દન શુદ્ધ--અન્ય પૌદ્‍ગળિક પદાર્થોથી રહિત આત્મા અને પરમાત્મા ખરેખર એકજ છે, અને દરેક પ્રાણી-આત્માનો છેલ્લો નેમ-અંતિમ લક્ષ તદ્દન પવિત્ર અને શુદ્ધ થવું તેજ હોય છે; બીજા શબ્દોમાં કહીએ તો પવિત્રતા-દૈવીપણાના સર્વ ગુણો સહિત પરમાત્મા થવું તેજ લક્ષ્ય હોય છે. આ પ્રમાણે

---

૧ 'દિગંબર જૈન'ના વીરનિર્વાણના ખાસ અંકમાં આવેલ મી. હર્બર્ટ વૉરનના ઈંગ્રેજી લેખનું ભાષાંતર. જેઓ ઇશ્વરના અસ્તિત્વને માને છે તેઓ આસ્તિક કહેવાય છે. આ લેખમાં વિદ્વાન લેખકે જૈનો પણ ઇશ્વરને માને છે, પણ ઇશ્વરને કર્તા અને સૃષ્ટિના ચલાવનાર તરીકે માનતા નથી, અને તેવી રીતે ઇશ્વરને સજા તથા પૃથ્વીનું રાજ્ય ચલાવનાર તરીકે માનનારા કેવા ભૂલોમાં ગોથાં ખાય છે તે બતાવવાનો પ્રયત્ન કર્યો છે, અને જૈનો ખરા આસ્તિક છે તે બતાવ્યું છે.

૨ પંચભૂતમાંથી આત્મા ઉત્પન્ન થયો છે અને તેમાંજ તેનો વિલય છે તેમ માનનારા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોતાં જૈન ધર્મમાં માનેલા તે પરમાત્મતત્ત્વમાં સૃષ્ટિકર્તૃત્વ અને શાસન–સૃષ્ટિને ચલાવવી તેનો સમાવેશ થતો નથી.

ખરી રીતે બોલતાં નાસ્તિકો તેજ કહી શકાય–કહેવાય, કે જેઓ આત્માના અસ્તિત્વનો સ્વીકારજ કરતા નથી, અને કહે છે કે પુદ્ગળ–પંચભૂતથી જુદો આત્મા બીજો કોઇ નથી. નાસ્તિકોની એવી માન્યતા હોય છે કે જેને લોકો **આત્મા** કહે છે તેને તેઓ અમુક પૌદ્ગળિક તત્ત્વોના પરમાણુઓનો સમૂહજ ગણે છે, અને તેઓ કહે છે કે જ્યારે આવો એકઠો થયેલો સમૂહ છુટો પડી જાય છે, પંચભૂતમાં પંચભૂત મળી જાય છે ત્યારે આત્માનો નાશ થાય છે.

જૈન શાસ્ત્ર મુજબ તો શરીરથી વ્યતિરિક્ત આત્મા રહેલો છે, દરેક આત્મા ઘણા લાંબા વખતથી–અનંત કાળથી અસ્તિત્વમાંજ છે. અને લાંબા વખતથી આત્માઓ સંસારની જુદી જુદી સામાન્ય ચાલુ સ્થિતિઓમાં જન્મ--મરણ કર્યા કરે છે, અને છેવટે તે પવિત્ર સ્થિતિ ( મોક્ષ ) પ્રાપ્ત કરે છે; પણ આ પ્રમાણે તે પવિત્ર સ્થિતિ–ઇશ્વરત્વ પ્રાપ્ત કર્યા પછી તે આત્માઓ ચાલુ સામાન્ય શરીરધારી આત્માઓની સ્થિતિમાં ( આ સંસારમાં ) કદી પણ આવતા નથી.

અનંત કાળથી–અપરિમિત સમયથી સામાન્ય આત્માઓ પોતાના અસલ-કુદરતી સ્વભાવના–જ્ઞાનના અભાવે ખોટા-મોહ–લોભ વિગેરે સાંસારિક માયા બંધનમાં લપટાયા કરે છે, અને લાલચોમાં લપટાઇ જવાથી તે કદી ખરી શાતા–શાંતિ પામતા નથી. આ કષાયો મોહ–લોભ વિગેરેના ત્યાગથી આત્માઓ શાંત અને સુખદ અવસ્થા પ્રાપ્ત કરે છે, સંતોષી થાય છે, નિર્મોહી થાય છે અને આ કુદરતી અવસ્થાની સત્તામાંથી જ્યારે તે તદ્દન મુક્ત થાય છે–સર્વ કષાયોનો જ્યારે સર્વથા નાશ થાય છે ત્યારે આત્મા તેનો કુદરતી સ્વભાવ–અસલ સ્થિતિ પ્રાપ્ત કરે છે અને ત્યારે તે સર્વજ્ઞ, તદ્દન સુખી, શાતાવાળો અને અમર થાય છે. ટુંકામાં તે ઇશ્વર–પરમાત્મા થાય છે. આ પ્રમાણે જૈનો ઇશ્વરના અસ્તિત્વની કદી પણ ના પાડતા નથી, પણ ઇશ્વરત્વમાં બીજા પદાર્થો અને આત્માને ઉત્પન્ન કરવાનો અને તેઓની ઉપર સત્તા ચલાવવાનો ગુણ હોય તેની તેઓ સ્પષ્ટ ના પાડે છે.

હવે આપણે જોઇશું કે સૃષ્ટિને ઉત્પન્ન કરવાનો અને શાસન કરવાનો ગુણ ઇશ્વરના બીજા ગુણોમાં આરોપ--ઉણપ લગાડ્યા સિવાય તેનામાં ઘટી શકે ખરો કે નહિ? વળી આ ગુણો ( પૃથ્વીના સૃષ્ટા અને નિયંતા ) ઇશ્વરને લગાડતા તેમાં કાંઇ વિરોધ અને ખામી આવે છે કે નહિ તે પણ આપણે જોશું. અને મનુષ્યને પ્રાપ્ત કરવાના મોક્ષસાધનમાં તે સત્તાની કાંઇ ખરેખરી જરૂરીઆત છે કે નહિ તે પણ આપણે જોશું.

For Private And Personal Use Only

જેઓ ઇશ્વરને પૃથ્વીના સૃષ્ટા–ઉત્પન્નકર્તા તરીકે માને છે તેઓના મુખ્યત્વે કરીને બે ભાગ પાડી શકાય:—

( ૧ ) જેઓ ત્રણ તત્વોને શાશ્વત માને છે–( ૧ ) ઇશ્વર ( ૨ ) આત્મા અને ( ૩ ) પુદ્ગળ; અને એમ જાણે છે કે છેલ્લા બે ( આત્મા અને પુદ્ગળ ) વડે ઇશ્વર બાકીની સૃષ્ટિને ઉત્પન્ન કરે છે.

( ૨ ) જેઓ એમ માને છે કે ફક્ત ઇશ્વરજ શાશ્વત છે. બીજું કાંઇ પણ શાશ્વત નથી. આ ભાગના બીજા બે પેટા વિભાગ પણ પાડી શકાય છે. જેઓ એમ માને છે કે ઇશ્વરે શુન્યમાંથી સૃષ્ટિ પેદા કરી તે પ્રથમ વિભાગ ( અ ) જેઓ એમ માને છે કે ઇશ્વરે પોતામાંથીજ સૃષ્ટિ પેદા કરી તે બીજો વિભાગ (બ).

હવે આ બે મુખ્ય ભાગમાંથી પહેલા ભાગ માટે તો પ્રથમ દ્રષ્ટિએ આટલું જાણવાનું રહે છે અને તે ખુલ્લું—સ્પષ્ટજ છે કે આત્મા અને પુદ્ગળ તેઓને ગુણો પ્રાપ્ત થયેલા હોય છે, તથા તેઓ જે સ્થિતિમાં રહેલા હોય છે તે ગુણ અને સ્થિતિથી તેઓ પોતેજ સૃષ્ટિને ઉત્પન્ન કરવાની શક્તિવાળા છે, અને તેઓ કોઇ પણ સૃષ્ટા–ઉત્પન્ન કરનારની જરૂરજ નથી.

વળી બીજી રીતે વિચાર કરતાં પણ લક્ષ્યમાં આવશે કે ઇશ્વરમાં શાશ્વત સુખ અને સંપૂર્ણતાના ગુણોનું આરોપણ કરવામાં આવે છે, અને તે એ પ્રમાણે સુખ અને સંપૂર્ણ–કોઇ પણ બાબતની ઉણપ રહિત હોવાથી તેને સૃષ્ટિ ઉત્પન્ન કરવા ઇચ્છા કદી પણ થતી નથી, કારણકે સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છા ઇશ્વરમાં અમુક જાતની ખામી બતાવે છે, અને સંપૂર્ણતાના વિચાર સાથે અમુક જાતની ઇચ્છા હોવી તે વાતનો મેળ મળતો નથી, કારણ કે ઇચ્છા તો અપૂર્ણ પ્રાણીનેજ થાય સંપૂર્ણને ઇચ્છા હોતીજ નથી. આ પ્રમાણે ઇશ્વરત્વમાં ઉત્પન્ન કરવાનો ગુણ આરોપવાથી સંપૂર્ણતા અને શાશ્વત સુખના ગુણોનો નાશ થાય છે.

વળી આ પ્રમાણે કબુલ કરવામાં આવે છે કે ચાલુ સામાન્ય જીવો–આત્મા ઉપાધિ અને દુઃખો–કષ્ટો સહન કરે છે, અને ઇશ્વરે જે આજ્ઞાઓ સંસારી જીવો માટે કહેલી છે–ફરમાવી છે તે આજ્ઞાનુસાર વર્તન કરવાથી આ ઉપાધિઓ દુઃખોમાંથી મુક્તિ મેળવી શકાય છે: પણ આત્માઓને ઉત્પન્ન કરવા, સંસારના દુઃખો તથા તેની ઉપાધિઓમાં તે આત્માઓને ઉત્પન્ન કરીને મૂકવા, વળી તેઓને શિખામણો આપવી, કે જે શિખામણો પ્રમાણે વર્તન કરવાથી તે આ દુઃખ અને ઉપાધિઓમાંથી મુક્ત થઇ શકે. આ સર્વ કાર્યો તે ડહાપણનાં કાર્ય ગણી શકાયજ નહિ: કારણકે એક સંપૂર્ણજ્ઞ અને સર્વ શક્તિમાન ઇશ્વર કે જે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુક બાબતને પ્રથમ દુઃખદાયી-અસંતોષી સ્થિતિમાં મુકે અને પછી તે દુઃખમય સ્થિતિમાંથી છુટા થવા અને તેની સુધારણા કરવા તેને અમુક નિયમો શીખવે, તે ડાહ્યો માણસ કદિ પણ કહેવાશે નહિ.

વળી એક સર્વજ્ઞ-સંપૂર્ણજ્ઞ ઈશ્વરને કોઇપણ અમુક પ્રાણી આત્મા અથવા કોઇપણ ચીજને તે કેવી રીતે રહી શકે છે-અમુક સ્થિતિમાં તે કેવી રીતે ટકી શકે છે, તેની કસોટી કરવાની કશી પણ જરૂર નથી, અને જો એમ કહીએ કે કોણ મોક્ષ મેળવવાને લાયક છે અને કોણ મોક્ષ મેળવવાને લાયક નથી, તેની પરીક્ષા કરવા માટે ઈશ્વરે આત્માઓને આ સંસારમાં મોકલ્યા છે, તો પછી ઇશ્વરના સર્વજ્ઞ ગુણનો નાશ થશે.

વળી ઇશ્વરમાં સૃષ્ટિકર્ત્તાના ગુણોનું આરોપણ તે તેના ભલમનસાઇ-સારપના ગુણ સાથે બંધબેસતું આવતું નથી; કારણ કે જ્યારે કર્ત્તા સંપૂર્ણ રીતે ભલો અને માયાળુ હોય ત્યારે તેની સૃષ્ટિમાં કોઇપણ જાતનાં માઠાં કૃત્યો હોવાંજ જોઇએ નહિ. આ સૃષ્ટિ ઉપરના કોઇપણ ભાગમાં રાજ્ય કરનાર રાજા પોતાના દેશમાં કુકૃત્યો-માઠાં આચરણો અચરાય તેમ ઇચ્છતો નથી, પણ આ રાજાઓ સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ નહિ હોવાથી તેઓ પોતાના રાજ્યમાં બનતાં આવાં દુષ્કૃત્યો અટકાવી શકતાં નથી, પરંતુ ઇશ્વર તો સંપૂર્ણ રીતે માયાળુ અને સર્વજ્ઞ છે એમ ગણવામાં આવે છે, તો પછી જ્યારે તેવા માયાળુ--સર્વજ્ઞ-અને સર્વશક્તિસંપન્ન ઇશ્વર સૃષ્ટિના કર્ત્તા હોય ત્યારે તેના સાર્વભૌમ રાજ્યમાં કોઇપણ જાતનાં માઠાં કૃત્યો આચરી શકાય જ નહિ. કારણ કે તે તેનાથી ઉત્પન્ન થયેલી પ્રજાને એવાં દુષ્કૃત્યો કરવાની શક્તિ જ આપે નહિ; તેવાં માઠાં કૃત્યો કરી શકે તેવી શક્તિ પ્રાણીઓને આપવાની તેને જરૂર જ શી હોય !

આવીજ રીતે દિલગિરી, દુઃખ, ગરીબાઇ અને વ્યાધિ વિગેરેની બાબતમાં પણ વિચારવાનું છે. જો એમ કહીએ કે દિલગીરી, દુઃખ, વ્યાધિઓ વિગેરે જે માણસો દુષ્કૃત્યો આચરે છે તે માણસોને તેમનાં તેવાં સર્વ કાર્યનાં પરિણામ તરીકે ઉપજે છે, અને આ સર્વ નિયમ કરવાનું, કાયદા પ્રમાણે સર્વને સુખ દુઃખાદિ આપવાનું કાર્ય પણ સૃષ્ટા તરીકે ઇશ્વરને કરવાનું છે, તો પછી આવા ઇશ્વર-સૃષ્ટામાં ભલમનસાઇના ગુણની ખામી જ માલુમ પડશે; કારણ કે તેની સૃષ્ટિમાં કોઇપણ જાતનું દુઃખ હોવાનો સંભવ જ રહેતો નથી. તે ઘણો માયાળુ અને ભલો હોવાથી તેની સૃષ્ટિમાં દુઃખ, ઉપાધિ વિગેરે આવવાનો જ સંભવ રહેતો નથી.

ઇશ્વર આત્મા અને પુદ્ગળ સિવાય અન્ય સર્વનો સૃષ્ટા છે અને સૃષ્ટિ ઉપર રાજ્ય કરનાર-સૃષ્ટિને નિયમિત ચલાવનાર છે એવી માન્યતા ધરાવનારાઓ કેટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંશે ભૂલ ખાય છે, તે આપણે જોયું; હવે બીજી માન્યતા ધરાવનારાઓ, કે જેઓ શૂન્યમાંથી આખી સૃષ્ટિ–આત્મા પુદ્‌ગળ સર્વને ઇશ્વરે બનાવ્યા છે એમ માને છે, તેવી માન્યતા ધરાવનારાની દલીલો તપાસીએ. ઇશ્વિરે શૂન્યમાંથી અથવા તો પંચભૂતમાંથી આ સૃષ્ટિ બનાવી, તેવી માન્યતાને ટેકો આપનાર કાંઇ દલીલ અગર સાબીતી છે ખરી ? બાહ્યદૃષ્ટિએ જોતાં તેવી કોઇપણ જાતની સાબીતી અગર દલીલ નથી. કારણ કે કુદરત આપણને એવું દેખાડતી નથી કે આ દુનિયા શૂન્યમાંથી અસ્તિત્વમાં આવી હોય; કુદરત આપણને એવો એક પણ દાખલો બતાવતી નથી, કે જેમાં કોઇપણ ચીજ શૂન્યમાંથી અસ્તિત્વમાં આવતી હોય. જે કોઇપણ ચીજ આપણે દેખીએ છીએ તે દરેકની પૂર્વસ્થિતિ હોય જ છે, વળી આપણે એવી કોઇ ચીજ દેખતા નથી કે જેનો નાશ પણ શૂન્યમાં થતો હોય–જે વસ્તુના લય પછી તેના પરમાણુઓનો પણ તદ્દન નાશ થઇ જતો હોય. શારિરીક શાસ્ત્ર પણ એવું સાબીત કરે છે કે કોઇપણ ચીજ શૂન્યમાંથી અસ્તિત્વમાં આવતી જ નથી, અને વળી એવું પણ સાબીત કરે છે કે કોઇપણ ચીજનો સમુળગો નાશ–સંપૂર્ણ લય કદીપણ થતો જ નથી. જો ઇશ્વિરે શૂન્યમાંથી આ સૃષ્ટિ બનાવી હોય, તો તે તેનો સંપૂર્ણ નાશ પણ કરી શકે છે, અને બીજી એ વાત દેખાડે છે કે આ જીવવાન્ પ્રાણી અજીવમાં બદલી શકાય છે; આમ હોવાથી જેઓ જે જાતનો આપણે વિચાર કરીએ છીએ તેવા શૂન્યમાંથી સૃષ્ટિ ઉત્પન્ન કરનારા ઇશ્વરને ભજે છે તેઓ એવા ઇશ્વરને ભજે છે–પૂજે છે કે જેનામાં સર્વને અસ્તિત્વ રહિત કરવાની શક્તિ પણ રહેલી છે. પણ જીવ અને અજીવ બંને વિરૂદ્ધતાવાચી શબ્દો છે, અને એક વસ્તુ બીજામાં કદીપણ ફેરવી શકાય તેવું નથી. જીવ અજીવ થઇ શકતો નથી; તેમજ અજીવ કદીપણ જીવ થઇ શકતો નથી. આ વાત ચાલુ સામાન્ય બુદ્ધિથી તથા આંતરિક વિચારણાથી પણ તરત સમજી શકાય તેવી છે. આ પ્રમાણે ઇશ્વરે શૂન્યમાંથી આ પૃથ્વી બનાવી છે અને જ્યારે વિચાર થાય ત્યારે તે તેનો નાશ કરી શકે છે, તેવી માન્યતા–તેવી થીયરી વિચારપૂર્વક જોતાં સામાન્ય બુદ્ધિથી પણ વિરૂદ્ધ છે, માનસિક વિચારણા રહિત છે, વળી શારીરિક શાસ્ત્રના નિયમોથી ઉલટી છે, અને કુદરતી કાયદાના જ્ઞાનનો અભાવ સૂચવનારી છે.

હવે બીજો એક પોઇન્ટ–ઇશ્વરકર્તૃત્વના સંબંધમાં વિચારવાનો બાકી રહે છે તે પોઇન્ટ એ છે કે જેઓ એવી માન્યતા ધરાવે છે કે ઇશ્વર એકલો અચળ–શાશ્વત છે, અને પોતાનામાંથી આ અખિલ સૃષ્ટિ બનાવે છે; એટલે કે તે પોતેજ સૃષ્ટિની આકૃતિ ધારણ કરે છે. જો આ થીયરી કબુલ રાખીએ તો પ્રથમ તો તેજ પ્રશ્ન ઉઠે છે કે ઇશ્વર, કે જે તદ્દન સંપૂર્ણાંશે પવિત્ર અને સંપૂર્ણ છે તે શા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની જાતને આવી અપવિત્ર અને અપૂર્ણ સૃષ્ટિરૂપે ફેરવી નાખે ? આ સવાલનો વિચાર કરતાં તરતજ એમ લાગશે કે સૃષ્ટિને ઉત્પન્ન કરવાનું કાર્ય ઇશ્વરને લાગુ પાડી શકાય તેમ નથી, અગર તો અપવિત્રતાના બીજો, કે જે આ સૃષ્ટિમાં સર્વત્ર ફેલાયેલા સર્વદા માલુમ પડ્યા છે અને પડે છે, તે બીજો ઘણા લાંબા કાળથી–અનંત કાળથીં તેનામાં–ઇશ્વરમાં ભરેલા હોવા જોઇએ. આ એક મોટી મુશ્કેલી છે. વળી બીજી મુશ્કેલી તે આવે છે કે એક જીવિતવ્યધારી ઇશ્વર અજીવત્વમાં પણ પોતાની જાતને ફેરવી નાખે તે અસંભવિત–અશક્ય જણાય છે. આ સૃષ્ટિમાં તો જેવી રીતે જીવિતધારી પ્રાણીઓ રહેલા છે, તેવીજ રીતે અજીવ એવા પુદ્ગળાદિક પદાર્થો પણ રહેલા છે, અને જીવત્વધારી પ્રાણીઓ પોતાની જાતને જેમાં જીવ માલુમ પડતો નથી તેવી જે અનેક પૌદ્ગલિક વસ્તુઓ આ સૃષ્ટિમાં દેખાય છે તેમાં ફેરવી નાખતા નથી–ફેરવી શકતાજ નથી; તેથી ઇશ્વર કે જે એક જીવવાળો છે તેણે અજીવવાળા પ્રાણીઓ પણ જેમાં રહેલા છે તેવી સૃષ્ટિરૂપે પોતાની જાતને ધારણ કરાવી આ સૃષ્ટિ ઉત્પન્ન કરી એવી થીયરી ચાલી શકે તેવી નથી.

જેઓ એમ કહે છે કે ઇશ્વર એકજ શાશ્વત છે, હમેશને માટે અસ્તિત્વ ધરાવનાર છે અને પોતાની જાતિને સૃષ્ટિના આકારમાં ફેરવી નાખી આ અખિલ સૃષ્ટિ ઉત્પન્ન કરે છે તેવી થીયરી માનનારાઓમાં હિંદુસ્તાનના વેદાંતીઓનો પણ સમાવેશ થાય છે. તેઓ એમ માને છે કે ઇશ્વર એક પવિત્ર આત્મા છે અને જ્યારે તેણે પૃથ્વી બનાવી ત્યારે જે જે આ સૃષ્ટિમાં દેખાય છે[1] તે સર્વની સાથે પોતાના આત્માને તેણે જોડ્યો છે, અને તેથી તે અજીવ–જડ પણ કહી શકાય છે. પણ અહિં પ્રશ્ન ઉભો થાય છે કે આ અજીવવાળો પદાર્થ, કે જેની સાથે જીવિતધારી આત્મા જોડાયો તે ઇશ્વરથી જુદો અને વ્યતિરિક્ત પદાર્થ, કે તે ઇશ્વરનોજ અંશ છે ? આ બેમાંથી અજીવ પદાર્થ કેવો સમજવો ? જો તે ઇશ્વરથી જુદો–ભિન્ન પદાર્થ હોય, તો પછી આ સૃષ્ટિના મૂળમાં તો એકજ શાશ્વત–ઇશ્વર રહેલ છે તેવી માન્યતામાં વિરોધ આવે છે, અને એક કરતાં અધિક વસ્તુ–દ્વંદ્વનો સ્વીકાર કરવો પડે છે. હવે જો બીજી રીતે તે અજીવ વસ્તુઓને ઇશ્વરના અંશ તરીકેજ સ્વીકારતા હોય તો પછી આ જડ–અજીવ પદાર્થ હમેશાં ઇશ્વરની સાથેજ રહેનાર પદાર્થ હોવો જોઇએ, અને તેથી તે–ઇશ્વર સંપૂર્ણ ચેતનમય કદી પણ સ્વીકારી શકાશે નહિ, પણ તેનામાં જડત્વના પરમાણુઓ પણ સાથે રહેલાજ હોવા જોઇએ, અને તે સાથે અપવિત્રતાના પરમાણુઓનો પણ ઇશ્વરમાં સદ્ભાવ થાય છે. જૈનમતાનુસાર પવિત્ર અને સંપૂર્ણ આત્મા–ચેતનનો આ જડ અને અપવિત્ર પરમાણુઓ સાથેનો સંયોગ કબુલ

૧ જળે વિષ્ણુઃ, સ્થળે વિષ્ણુઃ, વિષ્ણુઃ પર્વત મસ્તકે. વિગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં આવે છે, પણ તેમાં ફેર–તફાવત એટલો છે કે, જ્યારે વેદાંતીઓ જણાવે છે કે અમુક સમયે ઇશ્વરે પોતાની જાતને તે જડ પદાર્થો સાથે જોડી–અમુક સમયે આ સર્વ વસ્તુઓ પોતામય કરીને બનાવી, અને તે પ્રમાણે આ દૃશ્ય જગત્ ઉત્પન્ન થયું, ત્યારે જૈન લોકો એમ જણાવે છે કે આ પવિત્ર આત્મા–શુદ્ધચેતન તે અપવિત્ર એવા જડ પદાર્થો, જેવા તે અત્યારે જોડાયેલા દેખાય છે, તેવીજ રીતે તે ઘણા કાળથી–અનાદિ કાળથી જોડાએલાજ છે, અને આ પ્રમાણે આ દૃશ્ય દુનિયા, જે અત્યારે પ્રત્યક્ષ રીતે દેખાય છે, તે પ્રમાણે તે બંને જડ અને ચેતનના સંયોગથી અનાદિ કાળથી બનેલી છે. જીવ અને અજીવ જડ અને ચેતન, આત્મા અને કર્મના પરમાણુઓ બરોબર રીતે જોઇએ તો સામાન્ય પ્રાણીઓમાં જોડાઇને રહેલાજ છે, અને તેમનો આ સંયોગ નવો થતો નથી, પણ હંમેશને માટે તે સંયોગ બન્યો ને બન્યોજ રહે છે, તેથી જેવી રીતે એક ખાણમાં એકઠાં થયેલ સોનું–સુવર્ણ અને માટીનો સંયોગ ક્યારે થયો તેની ખબર પડતી નથી, પણ અનાદિ કાળથી તો સંયોગ થયેલોજ છે, તેવીજરીતે આ બંનેનો સંયોગ ક્યારે થયો તેના કારણનો કદિ પણ સવાલ ઉઠતો નથી; કારણકે આ સૃષ્ટિમાં એવો એક પણ વખત નથી આવતો કે જ્યારે જે સંયોગમાં આ જડ અને ચેતન પદાર્થો અત્યારે દેખાય છે તે કરતાં ભિન્ન સ્થિતિમાં-પૃથક્ સ્થિતિમાં તે હોય. આવો વખત કદી આવ્યો નથી, અને આવવાનો નથી; એટલે કે સૃષ્ટિનો ક્રમ અનાદિ કાળથી જે સ્થિતિમાં અત્યારે દેખાય છે તેજ સ્થિતિમાં–તેવાજ સંયોગોમાં બન્યોજ રહે છે અને રહેવાનો છે. આત્માનો ખરો શુદ્ધ સ્વભાવ તો આ જડ પૌદ્ગળિક પરમાણુઓ સહિત હોય અગર તેનાથી રહિત હોય તો પણ એક સરખોજ તે ને તેજ છે, પણ જ્યારે આ અચેતન પદાર્થો સાથે તે જોડાયેલો હોય છે, અને પૌદ્ગળિક શક્તિ ( કર્મો ) નું તેના ઉપર જોર હોય છે, તેની સત્તામાં તે હોય છે, ત્યારે તે પરમાણુઓ મોહ, લોભ, ઇર્ષા વિગેરે લાગણીઓ ઉત્પન્ન કરે છે, અને આ કષાયો–જુસ્સાઓ–લાગણીઓ સારાં અને માઠાં અકુદરતી કાર્યો કરાવવામાં સાધનરૂપ બને છે, અને તેવાં સાધન થઇને તેવીજ જાતનાં નવા પરમાણુઓને પોતાની તરફ ખેંચવામાં અને આત્માની સાથે તેને જોડવામાં તેઓ કારણરૂપ થાય છે.

આ પ્રમાણે જે પરમાણુઓ ખેંચાઇને આત્મા સાથે જોડાય છે, તે પછી એક સંગ્રહિત કરેલા બળની માફક આત્મા સાથે જોડાયેલા રહે છે, (કર્મ સત્તામાં રહે છે) અને પછી કોઇ પણ વખતે તે કર્મોનો કાળ સંપૂર્ણ થતાં તેઓ ઉદયમાં આવે છે, અને જેવી તેની શક્તિ હોય છે તે પ્રમાણે તે આત્માને સુખ અગર દુ:ખ–શાતા અથવા અશાતા ઉપજાવે છે. આ પ્રમાણે તેનું કાર્ય સંપૂર્ણ થતાં તેઓનો નાશ થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે અને તે પરમાણુઓ જે આત્મા સાથે ચોંટેલા હોય છે તે ખરી પડે છે, પણ જેમ પ્રથમ કહ્યું છે તેમ જ્યારે તેઓ સાધનરૂપ બની આત્માને સુખ–દુઃખાદિ ઉપજાવતાં હોય છે ત્યારે પોતાની જાતના નવા પરમાણુઓને તેઓ ખેંચે છે ( દરેક કાર્ય કરતાં–પુણ્ય અગર પાપનાં ગમે તે કાર્ય કરતાં આત્માને કર્મ લાગેજ છે–અને તદનુસાર તે કર્મો ઉદયમાં આવતાં સુખદુઃખાદિ ઉપજાવે છે, અને નવાં કર્મોને ખેંચે છે. ) આત્મા સાથે તે પરમાણુઓને તેઓ જોડી દે છે. આ પ્રમાણે જ્યાંસુધી આત્મા તેના આંતરિક જ્ઞાનના ઉદ્ભવથી આ પરમાણુઓને બાહ્ય પદાર્થો–આત્માથી વ્યતિરિક્ત જુદી શક્તિઓ તરીકે જાણતો નથી, અને પોતાના કુદરતી સ્વભાવમાં આવતો નથી, ત્યાંસુધી કર્મ પરમાણુઓનો–બાહ્ય જડ વસ્તુઓનો આત્મા સાથે સંયોગ થયા કરે છે, પણ જ્યારે તેને સ્વજ્ઞાનનો ઉદય થાય છે, ત્યારે તે તે જડ પદાર્થો સાથે પોતાની જાતને જોડતો નથી, તેથી કરીને જ્યારે જુનાં કર્મો ખપે છે.[1] ઓછાં થતાં જાય છે, ત્યારે આત્મા પોતાની શકિત વાપરી જુનાને ખપાવે છે, પણ તેજ જાતનાં નવાં કર્મો આવતાં નથી–તે કર્મો પોતાની જાતનાં નવાં કર્મોને આકર્ષતાં નથી. આ પ્રમાણે ઘટતાં ઘટતાં આવાં બાહ્ય પદાર્થોનો જે આત્મા સાથે અનાદિ કાળથી સંયોગ થયેલો હોય છે, તેનો સર્વથા નાશ થાય છે. કર્મોનો સર્વથા નાશ થતાં તે પછી ફરીથી કદી પણ અપવિત્ર થતો નથી, તે સર્વદા પવિત્ર રહે છે, અને પરમાત્માની સ્થિતિને એ પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે આપણે જોયું કે ઇશ્વરત્વ–પરમાત્મત્વની ભાવનાને અંગે જે જે ગુણો જરૂરનાં છે તે તે ગુણોમાં ખામી લગાડ્યા વગર–ઉણપ થયા વગર સૃષ્ટિને ઉત્પન્ન કરવાનો અને વ્યવસ્થા ચલાવવાનો, રાજ્ય કરવાનો ગુણ ઈશ્વરમાં આપણે ઘટાવી શકશું નહિ; પણ હજુ વધારે બાબતો તે માટે કહેવાની બાકી રહી છે.

આ સૃષ્ટિનો પેદા કરનાર અને ચલાવનાર–તેને નિયમિત રાખનાર કોઈપણ હોવો જ જોઇએ તેવી માન્યતાના ટેકામાં એક મોટી દલીલ રજુ કરવામાં આવે છે. તે દલીલ એ છે કે આ કુદરતની સર્વ રીતભાતમાં જે સરખાઇ અને વ્યવસ્થા જળવાઈ રહેલી છે, હમેશાં એક સરખી જળવાઇ રહે છે, અને વળી સૃષ્ટિમાં જે સુંદરતા–કુદરતી સૌંદર્ય દેખાય છે, તે સર્વ ઇશ્વરના અસ્તિત્વને લીધે જ છે તેમ પ્રતિપાદન કરવામાં આવે છે. પણ આ સૃષ્ટિમાં સૌંદર્ય અને સરખાઈ જ–વ્યવસ્થા જ રહેલી છે તેમ કહેવું તે વ્યાજબી નથી, કારણ કે દુનિયામાં ઘણે સ્થળે અવ્યવસ્થા–અનિયમિતપણું અને બેડોળપણું–અસુંદરપણું પણ દેખાય જ છે. જો એમ

[1] તપસ્યા એવું સાધન છે કે જે દ્વારા જુનાં કર્મો ખપે છે, અને નવાં આકર્ષાતાં નથી; બાહ્ય અને અભ્યંતર તપ જુનાં કર્મો ખપાવવામાં પ્રબળ સાધનભૂત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહીએ કે આ સૃષ્ટિમાં વારંવાર દેખાતાં તોફાનો, ધરતીકંપો, વ્યાધિઓ વિગરે સંસારમાં રહેલાં પ્રાણીઓના ભલા માટે જ પરમેશ્વરે મોકલેલા છે, તો તેમાં પણ બાધ આવે છે. આ પ્રમાણે કહેવાથી કાં તો ઇશ્વરમાં માયાળુપણાન ગુણનો અભાવ પ્રત્યક્ષ દેખાય છે, અથવા તો સર્વજ્ઞત્વ ગુણનો અભાવ માલુમ પડે છે; કારણ કે જો પરમેશ્વર સંપૂર્ણપણે માયાળુ અને સર્વજ્ઞ હોય તો પછી આવા દુઃખો કષ્ટો-ઉપાધિઓ અને અસગવડોનું તેની ઉત્પન્ન કરેલી સૃષ્ટિમાં અસ્તિત્વ જ હોવું ન જોઇએ. તે સર્વજ્ઞ હોવાથી મનુષ્યને કયે રસ્તે ચલાવવાથી તેનું ભલું થશે તેની તેને પ્રથમથી ખબર પડે અને તે માયાળુ હોવાથી આધિ-વ્યાધિ-ઉપાધિ ઉપજાવ્યા વગર સીધા સરલ માર્ગેજ મનુષ્ય-પ્રાણીઓને દોરે; પણ વ્યાધિ વિગેરે પ્રત્યક્ષ દેખાતાં હોવાથી કાં તો ઇશ્વરના અસ્તિત્વમાં અથવા તો તેના માયાળુપણામાં અને સર્વજ્ઞત્વ ગુણમાં ખામી જ માલુમ પડે છે.

વળી આગળ વિચારતાં માલુમ પડશે કે આ સૃષ્ટિનો દેખાતો બધો ભાગ, કે જેની અંદર ખુરશી-ટેબલ જેવી બધી અજીવ વસ્તુઓનો-પૌદ્ગળિક દ્રવ્યોનો સમાવેશ થઇ જાય છે. તે સર્વ બનાવનાર ઇશ્વરજ છે, તેજ તેના કારણરૂપ છે, તેમ કહેવું તેમાં બહુ શંકા ઉપજે તેવું છે. કોઇ પણ વસ્તુ કે જે જીવ અને અજીવ બંને કારણ ભેગા થતાં બની શકે તેવી હોય, તેજ વસ્તુ ફક્ત ઇશ્વરમાંથી-એક જીવ પદાર્થમાંથીજ ઉત્પન્ન થઇ તેમ કદી કહી શકાય નહિ. અને વળી સરખાઈ અને નિયમિતતા કાંઇ ચેતનના કાર્યમાંથીજ ઉત્પન્ન થતી નથી, કારણ કે એક ખુરશી અને ટેબલ જેવા જડ અચેતન પદાર્થો કે જેઓ પોતાની સ્થાપિત કુદરતી સ્થિતિમાંજ કાર્ય કર્યા કરે છે, અને જ્યાંસુધી કોઇ બાહ્ય કારણ તેના ઉપર અસર ન કરે ત્યાંસુધી પોતાની કુદરતી સ્થિતિ કદી પણ છોડતાજ નથી, તેવા પદાર્થો કરતાં એક ચેતનમય પ્રાણીને માટે વિચારતાં તો તે ઘણો વધારે અનિયમિત રીતે વર્ત્તે છે, અને વર્તવાનો સંભવ રહે છે. અપૂર્ણ.

**કાપડીઆ નેમચંદ ગીરધરલાલ. ભાષાંતર કર્ત્તા.**

## અભિમાન અને મમત્વ.

અભિમાની આ અવનિમાં, ખાયે ખુગજ માર; ફળ તેહના તેવાં દીસે, આગ તણા અંગાર;
આગ તણા અંગાર, દહન એઓને કરતાં; સુખ શાંતિ ને સત્વ, શરીરનાં સરવે હરતાં;
કે છે દિલખુશદાસ, કુડાં કૃત્યથી અજ્ઞાની; ખાતો ખૂગજ માર, સમજતો નવ અભિમાની.
ખમતો મમતે માર બહુ, અહંપદમાં આ વાર; કહિ કહિ થાકે કૈંક પણ, પામે નહિ કોઇ પ
પામે નહિ કોઇ પાર, ભાર ભુમિનો ધારી; રાવણ સરખો રાય, ગયો એ મમતે હારી;
કે છે કર્પૂરદાસ, એક દિન ચડતી પડતી; મમતે ગોથાં ખાય, દિલ ખુશ માયા નડતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जिनराज—भक्ति.*

( ૨ )

૧૨ ચૈત્યવંદનનો સમાવેશ ભાવપૂજામાં થતો હોવાથી દ્રવ્યપૂજાની હકીકત આપ્યા પછી તે આપશું. દ્રવ્યપૂજાના અનેક પ્રકારો છે. પ્રચલિત મુખ્ય આઠ પ્રકાર છે. જળ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, ફળ, નૈવેદ્ય. તે આઠેના સંબંધનો પૃથક્ પૃથક્ વિચાર કરીએ.

૧૩ દ્રવ્યપૂજાની અંદર શરીરશુદ્ધિ, ભૂમિશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, ઉપકરણ શુદ્ધિ અને છેવટે ભાવશુદ્ધિ હોવી જોઇએ. શરીર શુદ્ધિની અને વસ્ત્ર શુદ્ધિની હકીકત પ્રથમ સ્નાનના પ્રસંગમાં આપેલી છે. ભૂમિ જેમ સ્નાન કરવાની નિર્જીવ જોઇએ તેમજ જિનમંદિરની અંદરની પણ શુદ્ધ જોઇએ. કાજો સારી રીતે લીધેલો હોવો જોઈએ. ત્રસ જીવની વિરાધના કોઇ પણ સ્થાનકે થવી ન જોઇએ. તમામ ઉપકરણો ઓરશીઓ, સુખડ, રકેબી, વાટકી, ફુલછાબડી, ધુપધાણું, મંગળદીવો, કળશ, પાણી ભરી રાખવાનાં મોટાં ઠામ, પખાળ કરવાની કુંડી, ન્હવણનું પાણી ઝીલવાની કુંડી, વાળાકુંચી, અંગલુહણા, પાટલુહણું, મોરપીંછી, પાટલો, ચામર, ઘંટ ઇત્યાદિ સર્વ પ્રભાતે દ્રષ્ટિએ જોઈ, પ્રમાર્જી, ખંખેરી અને ધાતુના તમામ પાત્રો પાણીવડે સાફ કરીને પછી વાપરવા જોઇએ. તેમાં દ્રષ્ટિએ જોવાનું લક્ષ બરાબર રાખવું જોઇએ. તે વિના તે સાફ કરતાં પણ વિરાધના થઈ જાય છે.

૧૪ જળ નિર્મળ જોઈએ. સુખડ ઉંચી જાતની સુગંધી જોઇએ, પુષ્પો વિકસ્વર, પાંદડી ખર્યા વિનાના, સુગંધીવાળા અને વિવેકપૂર્વક લાવેલાં જોઇએ. ધૂપની અંદર અગર જરૂર આવવો જોઇએ, કારણકે સુગંધી દ્રવ્યોમાં તેની મુખ્યતા છે. દીપક માટે ઘૃત વિગેરે સારૂં જોઇએ. અક્ષત, ફળ, નૈવેદ્ય માટે તો પ્રથમ લખેલું હોવાથી ફરી લખવાની જરૂર નથી.

૧૫ ચંદન પૂજા માટે કેશર કરતાં બરાસ વિશેષ જોઇએ. કેશર જેમ મનોહર વર્ણ અને સુગંધી આપે છે તેમ બરાસ ( ઘનસાર ) ખરી શીતળતા આપે છે. પુષ્પ દ્રષ્ટિએ જોવું જોઇએ. ધૂપ માટે કોયલા સળગાવેલા જોઇએ. દીપકની વાટ પણ આપણા રૂ કે સૂત્રની જોઇએ. બનતા સુધી ચંદનપૂજાનું કેશર હાથે ઘસવું જોઇએ. તેમ ન બને તો ગોઠી પાસે પણ વિવેકપૂર્વક મુખકોશ બાંધીને ઓરશીઓ, સુખડ બરાબર સાફ કરીને નિર્મળ—ચોખા જળથી ઘસાવેલું જોઇએ.

* આ લેખ વાંચવાના પ્રારંભમાં પાંચમા અંકમાં આવેલ આ લેખ વાંચવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ પ્રથમ જળપૂજા કરતાં મોરપીંછી બરાબર કરવી. જીવયતના જેમ બને તેમ વિશેષ કરવી. મૂળનાયકજીને પ્રથમ અભિષેક કરવો, તેમાં જળની સાથે બહોળે ભાગે દુધ અને અલ્પ દહીં, ઘૃત, શર્કરા પણ ક્ષેપવવી જોઇએ. પંચામૃત એ ચાર વાનાં જળની અંદર ભળવાથીજ થાય છે. પ્રસંગે તીર્થજળ, ગુલાબજળ વિગેરે પણ ભેળવવાં. અભિષેક કર્યા પછી લુગડાનાં ભીનાં પોતાંવડે આગલા દિવસનું કેશર તમામ દૂર કરવું. પોતાંથી દૂર ન થઈ શકે તેવી રીતે ભરાઈ રહેલા કેશરને માટે વાળાકુંચીનો પોચે હાથે ઉપયોગ કરવો. પછી ફરીને શુદ્ધ જળનો અભિષેક કરી પાટલુણું વિવેકપૂર્વક કરવું. પાટલુણાનો સ્પર્શ પ્રભુને થવો ન જોઇએ. પછી સુકોમળ તેમજ ઉજ્વળ અંગલુહણાથી બે હાથે પ્રભુનું શરીર કોરૂં કરવું. અંગલુહણું ફાટેલું કે મેલું કિંચિત્ પણ ન જોઇએ. અંગલુહણા ત્રણ કરવા તે કોઈ પ્રકારે ભીનાશ ન રહી જાય તેટલા માટે છે. કારણકે જ્યાં ભીનાશ રહે છે ત્યાં લીલ બાઝે છે, તેમજ બીજો કચરો પણ તરતજ ચોંટે છે.

૧૭ અંગલુહણા કર્યા પછી પ્રભુનાં શરીરે બરાસનું વિલેપન કરવું. તેનો ઉપયોગ મુખ વિના સર્વત્ર કરવો. પછી કેશર મિશ્રિત ચંદનવડે પ્રથમ ક્રમસર ( જમણો ડાબો અંગુઠો, જમણો ડાબો ઢીંચણુ, જમણું ડાબું કાંડું, જમણો ડાબો ખભો, મસ્તક, ભાળ, કંઠ, ઉર ને ઉદર ) આ પ્રમાણે નવ અંગે પૂજા કરવી. પછી વિશેષ આંગી રચવી હોય તો સોના રૂપાનો વરગ, બાદલું, પુષ્પ ચડાવવા ને ઉપર વિશેષ તિલકો કરવાં.

૧૮ પુષ્પ ચડાવવામાં મસ્તકે એક પુષ્પ અવશ્ય ચડાવવું અને બનતા સુધી સાદી શોભાનીક માળા ચડાવવી. બાકીના પુષ્પો શોભે તેમ ચડાવવાં, પરંતુ તેમાં પુષ્પોને મરડવા મચડવા નહીં. તેને સોય ઘોંચીને-સીવીને કરેલા હાર વિગેરે મૂલચુકે ચડાવવા નહીં. એવા હાર ચડાવવાથી પ્રભુની આજ્ઞાનો ભંગ થાય છે. પુષ્પ ગ્રંથીમ, વેઢીમ, પુરિમ ને સંઘાતિમ-એમ ચાર પ્રકારે ચડાવવાનાં કહ્યાં છે, તેમાં સીવેલાનો સમાવેશ થતો નથી. વળી એવી રીતે હાર કરવાથી જીવયતના જળવાતી નથી, ઉપરાંત બીજા પણ ગેરલાભ છે તે સ્થળ સંકોચના કારણથી અત્ર બતાવવામાં આવ્યા નથી.

૧૯ ધૂપ દીપ વિગેરે અગ્ર પૂજા બધી ગભારાની બહારથીજ કરવા યોગ્ય છે. હાલમાં ધૂપધાણું, મંગળદીવો તેમજ ચામરાદિક જાળવવા માટે ગભારામાં રાખવામાં આવે છે તેથી તે પૂજા પણ અંદર રહીને કરવામાં આવે છે, પરંતુ તેમાં અવિવેક વધારે થાય છે અને ધૂપ દીપની બહોળતાથી ગભારો પણ થોડા વખતમાં શ્યામ થઇ જાય છે. બનતા સુધી એ પૂજા ગભારાની બહાર નીકળી મુખકોશ છોડીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવી, પણ કદી અંદરથી કરવી પડે તો જેમ બને તેમ પ્રભુથી છેટે રહીને કરવી અને ચગરવાટ સળગાવેલી હોય તો પણ તેને ઊંબાડીઆની જેમ હાથમાં ન રાખતાં ધુપ ધાણામાં મૂકીને ધૂપ કરવો. દીપક પણ તે રીતે દૂરથી જ કરવો અને મૂર્ત્તિને તાપ ન લાગે તેટલે દૂર મૂકવો. દીપક ઉઘાડો ન મૂકવાનું ધ્યાનમાં રાખવું. ધૂપનો ધૂમાડો પ્રભુ ઉપર ન જાય તે ધ્યાનમાં રાખવું.

૨૦ અક્ષત, ફળ ને નૈવેદ્યમાં શક્તિના પ્રમાણમાં વધારો કરવો. ઉજ્વળ અક્ષતવડે નંદાવર્ત્ત કરવો અથવા અષ્ટ મંગળિક આળેખવા, ફળમાં દરરોજ એક શ્રીફળ ચડાવવું, ઉપરાંત પ્રત્યેક ઋતુમાં આવતાં લીલાં ફળો અવશ્ય ધરવા. પ્રભુ પાસે એકવાર ધર્યા શિવાય પોતે તે ફળનો ઉપયોગ ન કરવો. નૈવેદ્યમાં સાકરનો કટકો, સાકરીઆ ચણા કે પતાસાં ચડાવવાથી સંતોષ ન માનતાં પોતે વાપરીએ તે દરેક જાતની મીઠાઇ ઢોકવી. પણ તેમાં એટલું ચોકસ યાદ રાખવું કે તે એંઠે હાથે અડકેલી ન હોવી જોઇએ–સ્વચ્છ જોઇએ.

૨૧ અષ્ટ પ્રકારી પૂજાની અંદર દ્રવ્યવૃદ્ધિનો પણ સમાવેશ થાય છે. તેથી દરરોજ યથાશક્તિ દ્રવ્ય ચડાવવું. પછી ચામરાદિ પ્રાતિહાર્યો વડે પૂજા કરવી. ચામર વિવેક પૂર્વક દૂર રહીને વીંજવો–વિંજતાં શીખવું. પછી ઘંટ વગાડવો ઇત્યાદિ કરીને દ્રવ્યપૂજાની સમાપ્તિ કરવી.

૨૨ દ્રવ્યપૂજાની અંદર બીજી ઘણી હકીકતનો સમાવેશ થાય છે. અહીં બતાવેલ છે તે તો દરરોજની–નિત્યક્રમની અષ્ટપ્રકારી પૂજાની હકીકત છે. બાકી પર્વોએ અને તીર્થે બહુ વિશેષ રીતે પૂજા ભક્તિ કરવા યોગ્ય છે. પોતાની શક્તિ ન ગોપવતાં જેમ શાસનની ઉન્નતિ થાય, અનેક જીવો ધર્મ પામે, સમકિત દૃઢ ને નિર્મળ થાય તેમ કરવું. આને માટે શાસ્ત્રોમાં વિધિવાદમાં પણ ઘણો ઉલ્લેખ છે અને ચરિતાનુવાદમાં પણ ઘણા પુણ્યશાળી જીવોએ તે આચરેલ છે–કરેલ છે તેથી જાણી લેવું. અહીં બહુ વિસ્તાર થઇ જવાના કારણથી લખેલ નથી. પણ એટલું ખાસ ધ્યાનમા રાખવું કે દ્રવ્યપૂજા ઉપર કિંચિત્ પણ અનાદર કે અલ્પાદર કરવો નહીં, જો તેમ કરવામાં આવશે તો અવશ્ય ભવવૃદ્ધિ થશે.

૨૩ જિનેશ્વરની પૂજા કરતાં ભાવના શું ભાવવી? અથવા પ્રભુની કઇ અવસ્થા ભાવવી? તે અવશ્ય સમજવા યોગ્ય છે. ભગવંતની છદ્મસ્થાવસ્થા, જ્ઞાનાવસ્થા ને સિદ્ધાવસ્થા–એમ ત્રણ અવસ્થા ભાવવાની છે. છદ્મસ્થાવસ્થામાં પણ ગૃહસ્થપણાની ને મુનિપણાની એમ બે પ્રકાર છે. પ્રભુને સ્નાત્ર કરતાં ને પૂજન કરતાં તેમની બાલ્યાવસ્થા ને રાજ્યાવસ્થા ચિંતવવી. ચામરાદિ પ્રતિહાર્ય સંયુકત જોઇને કેવળી અવસ્થા ભાવવી અને પંલ્યકાસને કે કાયોત્સર્ગ મુદ્રાએ સ્થિત થયેલા જોઇને સિદ્ધા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્થાનું હૃદયમાં ચિંતવન કરવું—અથવા એ ત્રણે પ્રસંગે પિંડસ્થ, પદસ્થ ને રૂપાતીત—એ ત્રણ અવસ્થા ભાવવી. પિંડસ્થ તે છદ્મસ્થાવસ્થા, પદસ્થ તે કેવળી અવસ્થા અને રૂપરહિત તે સિદ્ધાવસ્થા એમ સમજવું. કોઈ જગ્યાએ રૂપસ્થ ને રૂપાતીત એમ ચાર અવસ્થા પણ કહેલી છે. ભગવંતની સેવા ભક્તિ તે તે અવસ્થાનું સ્મરણ કરી તે વખતે પ્રભુની મુર્ત્તિ તદસ્થ છે એમ લક્ષ્યમાં રાખીને કરવી. જેથી તે તે અવસ્થાને યોગ્ય ભક્તિ કરી એમ કહી—સમજી શકાય.

૨૪ પ્રભુપૂજાનાં વસ્ત્ર સર્વત્ર બેજ રાખવાનાં કહેલાં છે. એક ધોતીયું ને બીજું ઉત્તરાસન. મુખકોશ ઉત્તરાસનના છેડાવડેજ બાંધવામાં આવે છે. હાલ મુખકોશ બરાબર આઠ પડવાળો કરીને બાંધી શકવા માટે જુદો રૂમાલ રાખવામાં આવે છે. તેના વડે બરાબર આઠ પડ કરી મુખમાંથી વાસ બહાર ન નીકળે એમ મુખકોશ બાંધવાનું ધ્યાનમાં રાખવું. ઉત્તરાસન એકજ વસ્ત્રનું—સાંધ્યા વિનાનું અને બંને બાજુ છેડાવાળું રાખવું.

૨૫ દ્રવ્યપૂજા કરી રહ્યા પછી ભાવપૂજા કરવાનો અવસર પ્રાપ્ત થાય છે. દ્રવ્યપૂજા તો અવગ્રહની અંદર રહીને કરવામાં આવે છે, કારણ કે તેમાં તો પ્રભુના અંગ સાથે પણ સંબંધ છે. ભાવપૂજા અવગ્રહની બહાર રહીને કરવાની છે. અવગ્રહનું પ્રમાણ શાસ્ત્રકારે તો જઘન્ય નવ હાથનું ને ઉત્કૃષ્ટ ૬૦ હાથનું બાંધ્યું છે; પણ હાલ દેરાસરના પ્રમાણમાં રાખી શકાય છે. નવ હાથનું દેરાસર જ ન હોય ત્યાં તેટલો જઘન્ય અવગ્રહ શી રીતે રાખી શકાય ? તેથી યથાયોગ્ય રાખવો. અવગ્રહ બહાર નીકળી ખમાસમણ ત્રણ દઈ, આદેશ માગીને ચૈત્યવંદન કરવું.

૨૬ ચૈત્યવંદનના ત્રણ પ્રકાર છે. જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટજ. ઘન્ય તો સામાન્ય નમસ્કારાત્મક—શ્લોકાદિ કહેવા વડે કરી શકાય છે. મધ્યમ ચૈત્યવંદન હાલની પ્રવૃત્તિ પ્રમાણે ચૈત્યવંદન કહી, નમુથ્થુણં કહી, સ્તવન કહેવું અને પછી જયવીયરાય, અરિહંત ચેઈઆણં કહી, કાઉસગ્ગ કરીને સ્તુતિ કહેવી તે સમજવું. અને ઉત્કૃષ્ટ ચૈત્યવંદન આઠ થોઈ વડે દેવ વાંદીએ છીએ તે સમજવું, કે જેની અંદર પાંચ શક્રસ્તવ આવે. બાકી પાંચ દંડક ને બાર અધિકાર તો ચાર સ્તુતિવડે દેવસી પ્રતિક્રમણના પ્રારંભમાં અને રાત્રિ પ્રતિક્રમણના પ્રાંત ભાગમાં દેવ વાંદવામાં આવે છે તેની અંદર પણ આવી જાય છે. ત્રણે ટંક મધ્યમ ચૈત્યવંદન તો અવશ્ય કરવું.

૨૭ ચૈત્યવંદન, સ્તવન ને સ્તુતિ—એ ત્રણ વાનાં પ્રાયે ગુજરાતી ભાષામાં પદ્યમય રચેલાં કહેવામાં આવે છે. તે શુદ્ધ કહેવા, તેના અર્થ પ્રથમથી સમજી રાખવા ને કહેતી વખત તેની વિચારણા કરવી. તે સાથે બાકીના જંકિંચિ, નમુથ્થુણં વિગેરે વિધિના સૂત્રો કે જે બધા માગધી ભાષામાં છે તે પણ શુદ્ધ કહેવાં, પૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચ્ચાર કરવા વડે કહેવા અને તેના અર્થની વિચારણા થઈ શકવા માટે તેના અર્થ પ્રથમથી ધારવા. જેઓ અર્થ સમજ્યાવિના ચૈત્યવંદન કરે છે તેઓ ખરી રીતે શુદ્ધ ઉચ્ચાર પણ કરી શકતા નથી, કારણકે શુદ્ધ ઉચ્ચારનો આધાર અર્થ સમજવા ઉપર વધારે છે. વળી અર્થ સમજ્યાવિના ચૈત્યવંદન કરનારા કેટલીક વખત પાઠ અશુદ્ધ બોલવાને લીધે સ્તુતિને બદલે નિંદા કરે છે. જો કે તેના અધ્યવસાય નિંદા કરવાના નથી, તેથી માનસિક તેવો બંધ પડતો નથી, પરંતુ વચન આશ્રી તો અશુભ બંધ પડે છે. ચૈત્યવંદન ને સ્તુતિ કે જે ગુજરાતી ભાષામાંજ પ્રાયે હોય છે, તેનો પણ અર્થ સમજવાની ઘણાઓ દરકાર કરતા નથી અને જેવું યાદ રહી ગયેલ હોય તેવું બોલે છે કે જે સાંભળતાં ઘણી વખત અર્થ સમજનારને તેના પર ખેદ થાય છે.

૨૮ ચૈત્યવંદન, સ્તવન કે સ્તુતિ કયાં કહેવાં? કયું ચૈત્યવંદન, કયું સ્તવન, કે કઈ સ્તુતિ કયાં કહેવા યોગ્ય છે? તે સમજવાની પણ ખાસ જરૂર છે. કેટલાક ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સર્વત્ર કહી શકાય તેવાં હોય છે ને કેટલાક અમુક સ્થળેજ કહેવાય છે, એટલુંજ નહીં પણ કેટલાક સ્ત્રીને જ કહેવા યોગ્ય હોય છે, કેટલાક પુરૂષને કહેવા યોગ્ય હોય છે, તેમજ કેટલાક શ્રાવક શ્રાવિકાને કહેવા યોગ્ય હોય છે, ને કેટલાક સાધુ સાધ્વીને કહેવા યોગ્ય હોય છે. બધા સ્તુતિ સ્તવનાદિના અધિકારી નિર્વિશેષપણે બધા હોઇ શકતા નથી. આની વિચારણા પોતે કરે અથવા તેના જાણને પૂછે તો થઈ શકે, તે શિવાય લેખથી સમગ્રતાએ કહી શકાય નહી. તો પણ દૃષ્ટાંત તરીકે કહીએ છીએ કે જે સ્તવનાદિ અમુક સ્થળના, અમુક તીર્થના, અમુક સ્થિતિના હોય તે ત્યાંજ કહી શકાય. સામાન્ય જિનસ્તુતિના હોય તે સર્વત્ર કહી શકાય. સ્તુતિ જો ચાર હોય તો તેમાંથી પહેલી બે કે ત્રણ મધ્યમ ચૈત્યવંદનમાં છેવટે કહેવાય, ચોથી ન કહેવાય. વળી જે સ્તવન સ્ત્રીને અથવા સ્ત્રીને જ કહેલી હકીકતવાળું હોય તે સ્ત્રીજ કહી શકે. જેમાં દ્રવ્યપૂજાનો અથવા સાધુ મુનિરાજને કહેવા યોગ્ય ન લાગે તેવો અધિકાર હોય તેવા સ્તવનાદિ શ્રાવકોજ કહી શકે. સાધુ સાધ્વી ન કહી શકે એમ સમજવું. સ્તવનો પરમાત્માની સ્તુતિના, પ્રાર્થનાના, ગુણાનુવાદના, આત્મનિંદાના અને પરમાત્માના બહુમાનવાળાં હોવાં જોઇએ. અને તે પણ પ્રત્યેક ગંભીર અર્થવાળાં અને પૂર્વપુરૂષોનાં કરેલાં ઉત્તમ પ્રતિનાં હોવા જોઇએ. તુચ્છ શબ્દોવાળા અને નિઃસાર ઉક્તિવાળા અલ્પ ભંડોળવાળાના આધુનીક બનાવેલા કહેવા ન જોઇએ. વળી ચૈત્યવંદન સ્તવનાદિ મધુર શબ્દવડે શાંતિથી કહેવા, પણ જેમ પાછળ લશ્કર આવતું હોય તેવી ઉતાવળથી પૂર્ણ શબ્દોચ્ચાર વિના ન કહેવા.

૨૯ દ્રવ્યપૂજા ભાવપૂજાના કારણભૂત હોવાથી ભાવવૃદ્ધિને નિમિત્તે કરવાની છે, તેથી ધીમે ધીમે તે સાધનવડે ભાવની વૃદ્ધિ કરી ભાવપૂજામાં વિશેષ વિશેષ કા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ળક્ષેપ કરવાની ટેવ પાડવી. કારણ કે ઇચ્છિતફળની પ્રાપ્તિ ભાવપૂજાવડેજ થવાની છે એટલું ધ્યાનમાં રાખવું. નવકારવાળી કે અનાનુપૂર્વી ગણવાનો સમાવેશ પણ ભાવપૂજામાંજ થાય છે. ભાવપૂજા કરવામાં એટલા તલ્લીન થઈ જવું કે જેથી પરમાત્મા સાથે તદાકારપણું થઈ જાય અને પરમાત્મા–અથવા તો પોતાનો આત્મા કે જે વાસ્તવિક તેવાજ સ્વરૂપવાળો છે તે પૂર્ણ પ્રસન્ન થાય. ભાવપૂજા કરરૂપ કે વેઠરૂપ પ્રવી ન જોઇએ. કેટલાક તો દ્રવ્યપૂજા કરીનેજ ચાલતા થાય છે, ભાવપૂજા કરતા પણ નથી, તેઓ ખરૂં કાર્ય કરવાનું ભૂલી જાય છે એમ સમજવું.

૩૦ ચૈત્યવંદન અથવા ભાવપૂજા શા માટે કરવી? તેનાં નિમિત્ત ને હેતુ અરિહંતચેઇઆણુમાં કહેલા છે તે સમજવા. ત્યાં જો કે એ હેતુ ચૈત્યવંદનની પ્રાંતે કાયોત્સર્ગ કરવાનો હોવાથી તેને લગતા બતાવેલા છે, પરંતુ તેજ નિમિત્ત ને હેતુ સામાન્ય ચૈત્યવંદનઆશ્રી પણ સમજવા યોગ્ય છે.

૩૧ ચૈત્યવંદનની પ્રાંતે એક નવકારનો કાઉસગ્ગ કરવામાં આવે છે તે બરાબર શાંતિથી ને સ્થિર રહીને કરવો. એટલો વખત એક નવકાર જેટલું ચિંતવન પણ જો યથાર્થ થાય છે તો પ્રાણી ઘણા કર્મોનો ક્ષય કરી નાખે છે.

૩૨ ચૈત્યવંદનમાં બહોળે ભાગે તો યોગમુદ્રા જાળવવાની છે. જયવીયરાયને બે જાવંતિ કહેતાં મુક્તાસુક્તિ મુદ્રા જાળવવાની છે અને જયવીયરાય કહીને ઉભા થયા પછી પગ આશ્રી જિનમુદ્રા ને હાથ આશ્રી યોગમુદ્રા જાળવવાની છે. તે મુદ્રાનું સ્વરૂપ તેના જાણ પાસેથી સમજી લેવું અને તે પ્રમાણેની મુદ્રાઓ અવશ્ય જાળવવી.

આ લેખ જિનરાજની ભક્તિ કેમ કરવી? તે સૂચવવા માટે સંક્ષેપથી લખવામાં આવ્યો છે. આ વિષય એટલો બધો વિશાળ છે કે તેને માટે જેટલો વિસ્તાર કરીએ તેટલો થઈ શકે, પરંતુ અલ્પ બુદ્ધિવાળાના ગ્રાહ્યમાં આવી શકે તેટલું જ લખવાનો હેતુ છે. ભક્તિ કરવાની ઇચ્છા થાય ત્યારથીજ આશાતના[1] કોઇ પ્રકારની ન કરવાનું ધ્યાનમાં રાખવું, કારણ કે આશાતના ભક્તિનો નાશ કરનારી છે. જે મનુષ્ય ભક્તિનું ખરૂં સ્વરૂપ ઓળખી, વિશુદ્ધ તન મન ધનથી પરમાત્માની ભક્તિ કરે છે, તેનું આ ભવમાં અને પરભવમાં અવશ્ય કલ્યાણ થાય છે. ગુણગ્રાહી સજ્જનો આ લેખ વાંચી તેનો સદુપયોગ કરશે કે જેથી તેમનું કલ્યાણ થશે. એટલું કહી આ લઘુ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

---

૧ આશાતના ૮૪ છે, તે અને મોટી આશાતના ૧૦ વર્જવી. ઉપરાંત પૂજા કરતાં કળશ, ધૂપધાણું વિગેરે પ્રભુ સાથે અથડાઇ જાય, બિંબ ઢળી જાય કે પડી જાય તે આશાતના પણ વર્જવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चंदराजाना रास उपरथी नीकळतो सार.

(અનુસંધાન પૃષ્ટ ૨૦૪ થી.)

## પ્રકરણ ૨૭ મું.

એકદા ઇંદ્રે દેવસભામાં કહ્યું કે—“ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આભાપુરીનો **ચંદ** નામે રાજા છે. અત્યારે તે પોતનપુરીમાં છે. તે શીળગુણમાં સર્વ કરતાં અધિક છે. મનુષ્ય લોકમાં તેમજ દેવલોકમાં અનેક મનુષ્યો અને દેવો છે પણ તેના સમાન સ્વદારાસંતોષી બીજો દૃષ્ટિએ પડતો નથી. તેને તેની અપરમાતાએ કુકડો કર્યો હતો, તે પોતાના શીળગુણના પ્રભાવથી અને સિદ્ધાચળ મહાતીર્થની ફરસનાથી પાછો મનુષ્ય થયો છે. તેને શિયળથી ચુકાવવાને દેવ પણ સમર્થ થઇ શકે તેમ નથી. મેરૂની જેવો તે શીળગુણમાં દૃઢ છે. ”

આ પ્રમાણેનાં ઇંદ્રનાં વચનો સાંભળીને તેને અણસદૃહતો એક દેવતા તરતજ મનુષ્યલોકમાં પોતનપુરીએ મધ્ય રાત્રીએ આવ્યો. તેણે અદ્‌ભુત વિદ્યાધરીનું રૂપ વિકુર્વ્યું કે જેને જોઇને દેવ પણ મોહ પામે. એવું રૂપ કરી બહાર ઉદ્યાનમાં કરૂણ સ્વરે તે સ્ત્રી રૂદન કરવા લાગી. ચંદરાજાએ તે કરૂણ સ્વર સાંભળી વિચાર કર્યો કે—‘ અત્યારે મધ્ય રાત્રીએ એવું કોણ દુઃખી છે કે જે આવી રીતે રૂદન કરે છે. ’ તરતજ ખડ્‌ગ લઇને તે એકલો ચાલ્યો અને શબ્દ અનુસારે શોધતો શોધતો જે નિકુંજમાં તે બેઠી હતી ત્યાં આવ્યો. તેને કામદેવની દીપમાળા જેવી રૂપવંત અને અલંકારાદિવડે વિભૂષિત જોઇને ચમત્કાર પામ્યો. તેણે પૂછ્યું કે—“ હે સુંદરી ! તું મધ્યરાત્રીએ એકલી અહીં શા દુઃખથી રૂદન કરે છે? જે દુઃખ હોય તે શંકા વિના કહે, હું તારૂં દુઃખ દૂર કરીશ. ”

આ પ્રમાણેનાં ચંદરાજાનાં વચનો સાંભળીને તે બોલી કે—“ હે નરેંદ્ર ! હે આભાપતિ ! હું વિદ્યાધરની પુત્રી છું. મારો વૃત્તાંત ન કહેવાય તેવો છે. મારો પતિ મારી સાથે ખેદ કરી, ખટપટ કરી, મને આ સ્થિતિમાં તજી દઇને ચાલ્યો ગયો છે. કોઈ ન કરે તેવું અકાર્ય તેણે કર્યું છે. હું અબળા છું તો હવે મારો અવતાર કેમ પૂરો થાય તેના વિચારથી અત્યંત દુઃખી થઇને આક્રંદ કરૂં છું. પણ હવે મારો આક્રંદ સાંભળીને તમે પધાર્યા છો તો તમે મને સ્ત્રીપણે અંગીકાર કરો, મારૂં દુઃખ દૂર કરો, એમ કરવાથી તમારી જગત્‌માં લાજ વધશે. જો ખરેખરી ક્ષત્રીયવટ ધરાવતા હો તો મારી યાચના માટે ના પાડશો નહીં. ક્ષત્રીઓ શરણે આવેલાને તજી દેતા નથી. પ્રાર્થનાભંગનું પ્રાયશ્ચિત્ત ઘણું મોટું કહેલું છે તે તમે જાણો છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એવા શૂરવીર પુત્રને કોઇક માતાજ જણે છે કે જે પારકી પ્રાર્થનાનો ભંગ કરતા નથી. આપ ખરેખરા ક્ષત્રીપુત્ર છો એવું તમારી આકૃતિ ઉપરથી જણાય છે. તેથી આ અલ્પ પ્રાર્થના કરી છે. ”

ચંદરાજા કહે છે કે–“ હે સુંદરી ! તું આવું અઘટિત વચન કેમ બોલે છે? ક્ષત્રીઓ પરસ્ત્રીલંપટ હોતા નથી. જે સ્ત્રી પરપુરૂષની ઇચ્છા કરે તે તો સામું જોવા યોગ્ય પણ નથી. વળી ગમે તેવો મીઠો પદાર્થ હોય પણ જો તે એઠો થયો તો પછી તેને ઉત્તમ પુરૂષો વાપરતા–ખાતા નથી. બીજાનું બોટેલું તો કાગડો કે શીયાળ ભક્ષણ કરે, સિંહ તો પોતે મારેલા હસ્તીનુંજ ભક્ષણ કરે. માટે હે ઘેલી ! તું આવી અઘટિત વાત પણ કર નહીં. તું કહે તો હું તારા પતિ સાથે મેળવી આપું. બાકી આ જગતમાં જે અકુલીન માણસો હોય છે તેજ પરસ્ત્રીમાં આસક્ત થાય છે, કુલિન કદી પણ થતા નથી. ઉત્તમ કુળમાં ઉપજેલા મનુષ્યો પ્રાણાંતે પણ નિંદિત કાર્ય આચરતા નથી. ”

ચંદરાજાના આવાં વચનો સાંભળીને વિદ્યાધરી રોષ કરીને બોલી કે–“ અરે ! જો તું મારી પ્રાર્થના સ્વીકારતો નથી તો તું ખરો ક્ષત્રીયજ નથી. હવે જો તું મને કબુલ નહીં કરે તો હું તને સ્ત્રીહત્યાનું પાતિક આપીશ, માટે કોઇરીતે પણ મારૂં વચન કબુલ કર.” ચંદરાજાએ કહ્યું કે–“ હે સુંદરી ! સ્ત્રી હત્યાના પાપ કરતાં પણ શીયળભંગનું પાપ અધિક છે. સાંભળ–પૂર્વે રઘુપતિની સ્ત્રીની વાંચ્છા કરીને **લંકાપતિએ** પોતાના પ્રાણ ને સુવર્ણપુરી ( લંકા ) બધું ગુમાવ્યું. પાંચાળીને **પદ્મોત્તર** રાજાએ હરણ કરી તેં સાર શું કાઢ્યો ? રાજ્યથી ભ્રષ્ટ થવું પડયું. અહલ્યા સાથે લુબ્ધ થવાથી **ઇંદ્રે** ગૌતમઋષિનો શ્રાપ મેળવ્યો, અને શરીર ઉપર હજાર ભગ થયા. હિમાચળની પુત્રી પાર્વતી ઉપર આસક્ત થયેલ **ભસ્માંગદ** ભસ્મીભૂત થયો. આ પ્રમાણે પરદારાપર આસક્ત થવાથી કોણ સુખી થયો છે ? જે મનુષ્ય અખંડ શીયળ પાળે છે તેજ આ જગતમાં સુખી થાય છે. સ્ત્રી તો ભવસમુદ્રમાં ડુબવા માટે બેડી અથવા શિલા સમાન છે, તેથી જે પરણેલી સ્ત્રીનો પણ પરિહાર કરે છે તે મોક્ષસુખને મેળવે છે. પરસ્ત્રીરૂપ લોહશિલાએ અનેક પુરૂષોને ભવકૂપમાં બુડાડી દીધા છે કે જે પાછા ઉંચા પણ આવ્યા નથી. પરરમણીના પ્રસંગથી **લલિતાંગકુમાર** અસહ્ય દુઃખનું ભાજન થયો છે. હું તેના જેવો મૂર્ખ નથી કે જેથી સંસારમાં રઝળવાનો ધંધો કરૂં ! તારી હત્યા સંબંધી પાતિકના ભયથી હું શીળભંગ કરૂં તેમ નથી. આ સંસારમાં અગ્નિમાં બળી મરવાથી તો એક ભવમાંજ દુઃખ પ્રાપ્ત થાય છે, પરંતુ કામાગ્નિમાં બળનાર તો ભવોભવ દુઃખી થાય છે. તું મારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મની બહેન અથવા ધર્મની માતા છે, માટે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થઇને તું એવી વાત કરવી છોડી દે, એ વાત તને ઘટતી નથી."

ચંદરાજાની આવી અનુપમ દઢતા જોઇને તે દેવ પ્રસન્ન થયો. અને તરતજ ખેચરીનું રૂપ તજી દઇને દેવસ્વરૂપે પ્રગટ થયો. તેણે ચંદરાજા ઉપર પુષ્પની વૃષ્ટિ કરીને કહ્યું કે—"ધન્ય છે તારા માત પિતાને! કે જેનો આવો ઉત્તમ પુત્ર છે. જેવા ઇંદ્રે વખાણ્યા તેવાજ તમે છો. તમે મારા છળથી છળાણા નહીં તેથી ખરેખરા દઢ શીળવાન્ છો." આ પ્રમાણે કહી નમસ્કાર કરીને દેવ સ્વસ્થાને ગયો. ચંદરાજા પણ ત્યાંથી પાછો વળીને પ્રેમલાલચ્છી પાસે આવ્યો.

પ્રાત:કાળે સર્વની રજા લઇને ચંદરાજાએ પોતનપુરીથી પ્રયાણ કર્યું. માર્ગમાં અનેક રાજાઓને વશ કર્યા અને એકંદર ૭૦૦ સ્ત્રીઓ પરણ્યા, અનુક્રમે આભાપુરીની નજીક આવ્યા, એટલે ગુણાવળી, સુમતિ પ્રધાન અને નગરલોક સૌ અત્યંત હર્ષિત થયા. તેમણે મોટા આડંબરથી સામૈયું કરીને ચંદરાજાને નગરમાં પ્રવેશ કરાવ્યો. રાજાએ પ્રજાવર્ગનું સારી રીતે સન્માન કર્યું. નગરમાં પ્રવેશ કરતાં ચંદરાજાને જોવા માટે લોકોના ટોળેટોળાં એકઠા મળ્યા, ઘરેઘર હર્ષ વધામણા થયા, સૌના અંત:કરણમાં પ્રેમના અંકુર પ્રગટ્યા, લોકોને તો જેમ ઘટમાં જીવ આવે તેમ લાગ્યું, પ્રવેશ વખતે અનેક હાથી, ઘોડા, રથ, પદાતી, ધ્વજાવાળાઓ વિગેરે ચાલવા લાગ્યા. ૭૦૦ સ્ત્રીઓ ૭૦૦ રથમાં બેસીને આગળ ચાલી. અનેક પ્રકારના વાજીત્રો વાગવા લાગ્યા. ચંદરાજા પટ્ટહસ્તીપર બેસીને અઢળક દાન દેતા ચાલ્યા. નગરજનો મુક્તાફળના થાળ ભરી ભરીને વધાવવા લાગ્યા; ભોળી સ્ત્રીઓ ગીત ગાવા લાગી. ચંદરાજા સર્વની ઉપર દષ્ટિવડે અમૃત વરસાવવા લાગ્યા. અનુક્રમે રાજમહેલની પાસે આવી હાથી ઉપરથી ઉતરીને ચંદરાજાએ સર્વ નગરલોકને રજા આપી, મંત્રી વિગેરેને પણ વિસર્જન કર્યા, પછી ૭૦૦ સ્ત્રીઓ સહીત અંતેઉરમાં આવ્યા. ગુણાવળી પગે લાગી. ૭૦૦ સ્ત્રીઓ તેને પગે પડી, બધા પરસ્પર હર્ષથી મળ્યા. પછી દરેક સ્ત્રીઓને રહેવા માટે જુદા જુદા આવાસો આપ્યા, પોતે ગુણાવળીના આવાસમાં ગયા. ગુણાવળીએ ઉત્તમ પ્રકારની રસવતીવડે પતિને સંતુષ્ટ કર્યા. તેના હર્ષનો તો પાર જ ન રહ્યો.

હવે ૭૦૦ રાણીઓ પરસ્પર સંપીને આનંદથી રહે છે. ચંદરાજા અનુપમ સુખ ભોગવે છે. સ્ત્રીઓ પરસ્પર શોક્યપણાનો ભાવ અંશમાત્ર પણ બતાવતી નથી. ૭૦૦ ના મન જાણે એક જ હોય તેમ વર્તે છે. પરસ્પર હસે છે, રમે છે અને અનેક પ્રકારની ક્રિડા કરે છે. ચંદરાજાએ ગુણાવળીને પટ્ટરાણી પદે સ્થાપી, તેથી બીજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાણીઓ પણ ખુશી થઈ. ચંદરાજા સુખે સુખે રાજ્યનો નિર્વાહ કરવા લાગ્યા, અને પ્રજાજનને અપ્રતિમ સુખ આપવા લાગ્યા.

એકદા ચંદરાજાને ગુણાવળી એકલાં બેઠાં છે, તે પ્રસંગે ગુણાવળી બોલી કે—" હે સ્વામિન્ ! આપને વિરહે મેં ૧૬ વર્ષ અત્યંત મુશ્કેલીએ કાઢ્યાં છે. હું તો મારી બ્હેન પ્રેમલાનો અત્યંત આભાર માનું છું. તેનું ભલું થજો કે મને પાછા તમારા દર્શન થયા. અને હું જો સાસુને વચને તેની સાથે વિમળાપુરી ગઈ તો તમે પ્રેમલાને પરણ્યા, નહીં તો ક્યાંથી પરણત–માટે તમે મારો પાડ માનજો. " ચંદરાજા હસીને બોલ્યા કે—" પંખીપણું આટલાં વર્ષ ભોગવ્યું તેને માટે પણ તમારો પાડ માનીશ. " ગુણાવળી કહે કે—" જો વિહંગ ન થયા હોત તો સિદ્ધાચળને ક્યાંથી ફરસત અને સંસારસમુદ્ર શી રીતે તરત ? માટે મારો અવગુણ ન લેતાં ગુણ લેજો. ઉત્તમ પુરૂષોની તો એ રીતિજ હોય છે, તે કોઇના અવગુણ લેતાજ નથી, અને પારકા દોષ જોતા નથી. હું બુદ્ધિની નબળી થઇને સાસુની અવળી શિખામણે ચઢી તો તેનું ફળ મારેજ ભોગવવું પડ્યું. હે સ્વામીનાથ ! એક દિવસ પણ મારી આંખમાંથી આંસુ સુકાયા નથી. હું તો દૈવ પાસે માગું છું કે એવી સાસુ કોઇ ભવમાં ન મળશો. એણે તો મને એવી સજા આપી છે કે હું જીંદગી સુધી ભૂલું તેમ નથી. વળી જે દિવસથી તમે શિવમાળાની સાથે ગયા, ત્યારપછીના જે દિવસો મારા ગયા છે તે તો એક જગત્નો નાથજ જાણે છે. હું હવેજ મનુષ્યણીની હારમાં આવી છું. આ વાત હું તમને ભલું મનાવવા કહેતી નથી. " ચંદરાજા કહે કે—" હે પ્યારી ! એ હકીકત મારા સમજવા બહાર નથી, હું બધું સમજું છું, તું મારા જીવન જેવી છું, તને હું મારીજ સમજુ છું, તું બધી રીતે અનુકૂળ છું. એમ હોવાથીજ હું વિમળાપુરીથી અહીં આવ્યો છું, નહીં તો કોઇ રીતે આવવા દે તેમ નહોતું, પણ બાળપણના સ્નેહીને ભુલાય કેમ ! હવે તમે ઘરભારનો બધો નિર્વાહ કરજો. હું એની ચિંતા ધરાવતો નથી. અમે તો તમે આપશો તે જમશું અને મજા કરશું. " પતિનાં આવાં વચનથી ગુણાવળી બહુ ખુશી થઇ–આવી આનંદગોષ્ટી વારંવાર થવા લાગી.

ચંદરાજાએ રાજસભા ભરી, અનેક પંડિતો, નગરજનો વિગેરેને બોલાવ્યા અને પોતાની સાદ્યંત હકીકત જણાવી. તે સાંભળીને સૌ આશ્ચર્ય પામ્યા અને ચંદરાજાને એક સરખી રીતે આશીષ્ આપવા લાગ્યા. પ્રજાજનો પણ હવેજ ખરૂં સુખ અનુભવવા લાગ્યા.

ચંદરાજાની ૭૦૦ અંતેઉરી અનેક પ્રકારે ચંદરાજાના ચિત્તનું રંજન કરવા લાગી, નવી નવી ચતુરાઇ બતાવવા લાગી, અનેક પ્રકારના હાવભાવ દેખાડવા લાગી અને ગીત, કવિતા, પ્રહેલિકા, ગાથા, દોધક, છંદ વિગેરે નવાં નવાં બનાવીને તેમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસન્ન કરવા લાગી. ચંદરાજા ભોગાવળી કર્મના ઉદયથી તેઓની સાથે અનેક પ્રકારના આનંદયુક્ત સુખભોગ ભોગવવા લાગ્યા અને અભંગ રાજ્ય કરવા લાગ્યા.

ચંદરાજાના મનમાંથી નટોનો ઉપકાર કોઈરીતે વિસર્યો નહીં, ઉત્તમ પુરૂષો સંપત્તિના સમયમાં પણ ઉપકારીને ભૂલતા નથી અને અધમજનો સંપત્તિ સમયે તેને સંભારતા નથી, નિર્ગુણી જનો અન્યના ગુણને ચિત્તમાં લાવતા નથી અને ગુણી તો ગુણના દાસ હોય છે. ચંદરાજાએ પ્રથમ જો કે દ્રવ્યાદિક પુષ્કળ નટોને આપ્યું હતું છતાં ફરીને બીજો પણ કેટલોક ગામ ગરાસ આપ્યો અને તેને વિશેષ રાજી કર્યાં. ચંદરાજાએ પોતાનો ઉજ્વળ યશ દેશ પ્રદેશમાં સર્વત્ર વિસ્તાર પમાડ્યો.

ગુણાવળી ને પ્રેમલાલચ્છીને પરસ્પર અત્યંત પ્રેમ બંધાણો, તે બંનેને બે નેત્ર જેવી અને ભારંડ પક્ષીના અંગ જેવી પ્રીતિ થઈ ગઈ, નિરંતર બંને સાથે ને સાથેજ રહેવા લાગી. રાજા પણ બંનેની ઉપર સમભાવ રાખવા લાગ્યા. રાજાની સુદૃષ્ટિરૂપ મેળવણ ભળવાથી ખરેખરો ગોરસ જામ્યો. અનુક્રમે દેવલોકમાંથી કોઈ દેવ ચ્યવીને ગુણાવળીના ઉદરમાં શુભ સ્વપ્ને સૂચિત ઉત્પન્ન થયો. ગર્ભસ્થિતિ પૂર્ણ થયે તેણે પુત્રરત્ન પ્રસવ્યો. રાજાને દાસીએ વધામણી આપી, ચંદરાજાએ તેને પુષ્કળ દાન આપ્યું, અને બહુ સારી રીતે જન્મ મહોચ્છવ કર્યો. ચંદરાજા તેને જોઇને બહુ હર્ષિત થયા અને બારમે દિવસે જન્મ નક્ષત્રને અનુસારે તેનું **ગુણશેખર** નામ પાડ્યું. તે પુત્ર કલ્પવૃક્ષના છોડની જેમ માતાપિતાના મનોરથની સાથે વૃદ્ધિ પામવા લાગ્યો. ત્યારપછી પ્રેમલાને પણ રૂપના નિધાનતુલ્ય પુત્ર થયો, રાજાએ તેનું **મણિશેખર** નામ પાડ્યું. બંને પુત્રો એક સાથે વૃદ્ધિ પામવા લાગ્યા અને ચંદરાજાને સાંસારિક સુખનો અનુભવ કરાવવા લાગ્યા.

અહીં આ પ્રકરણ સમાપ્ત થાય છે. આ પ્રકરણમાં જૂદા જૂદા ઘણા વિષય સમાવેલા છે. પરંતુ તે બધા હર્ષોત્પાદક છે. સાંસારિક હર્ષમાં અપૂર્ણતા ન રહેવા માટે પુત્રજન્મની હકીકત પણ આ પ્રકરણમાં જ સમાવી છે. હવે આ પ્રકરણમાંથી આપણે સાર શું ગ્રહણ કરવાનો છે તે વિચારીએ અને બની શકે તેટલું તેનું અનુકરણ કરવા તત્પર થઇએ.

## પ્રકરણ ૨૭ માનો સાર.

આ પ્રકરણના પ્રારંભમાં ચંદરાજાના અખંડ શીયળની કસોટી નીકળે છે. આવી અદ્‌ભુત સ્વરૂપવાન્ વિદ્યાધરી અને તે પણ વગર પ્રયાસે મળી જાય તેમજ સામી પ્રાર્થના કરે તેવે વખતે શીયળને અખંડ જાળવવું તે સાધારણ વાત નથી. એવો પ્રસંગ ન પ્રાપ્ત થાય ત્યાંસુધી પણ શીયળના જાળવનારા પ્રાણીઓ બહુ અલ્પ હોય છે. સુરૂપા સ્ત્રીઓને જોઇને નેત્રને નચાવનારા અને મનને બગાડનારા તો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાયે પુષ્કળ હોય છે. પરંતુ જેને જોઇને પોતાનું મન ચકળવકળ થતું હોય તેજ સ્ત્રી એકાંતમાં, કોઇનો ભય ન લાગે તેવે વખતે, તેવે ઠેકાણે મળી જાય અને તે પણ સામી પ્રાર્થના કરે, તે વખતે પોતાના શીયળને જાળવી રાખનાર લાખમાં પણ એક નીકળવો મુશ્કેલ છે. આ વાત સુજ્ઞજનો તો તરતજ માની શકે તેવી છે. કારણકે એ અનુભવસિદ્ધ જેવી હકીકત છે. ચંદરાજા એ વખતે જે અપૂર્વ દ્રઢતા રાખે છે તે તેનું ખરૂં પુરૂષત્વ સૂચવે છે. ખરૂં પુરૂષાતન તેજ કહેવાય છે. જે મનુષ્ય બદ્ધકચ્છ રહી શકે છે તેનામાંજ ખરૂં પુરૂષત્વ સમજવું. અનેક સ્ત્રીઓના લોકતા અને પરદારાલંપટને ખરા પુરૂષત્વથી હીન સમજવા. ચંદરાજા તેને કહે છે કે 'હું તારા પતિની સાથે મેળવી આપું, બાકી બીજું તો તને પણ બોલવું ઘટતું નથી.' છેવટે તેને વધારે બોલતી અટકાવવા માટેજ 'તું મારી ધર્મની બ્હેન અથવા ધર્મની માતા છું' એમ કહે છે. એટલે તેનું મોઢું બંધ થાય છે. અને ચંદરાજાના વચન માત્ર નહીં પણ તેનું મન પણ અસ્ખલિત દ્રઢ હોવાની ખાત્રી થવાથી પરીક્ષા કરવા આવેલ દેવ પ્રગટ થાય છે અને ઇંદ્રે કરેલી પ્રશંસાની હકીકત જાહેર કરે છે. ઇંદ્ર પણ આવા પ્રબળ પુરૂષની જ પ્રશંસા કરે છે, બીજાની કરતા નથ

આ પ્રસંગની વાત પણ ચંદરાજા કોઇને કહેતા નથી. તે તેનું ગંભીરપણું અને નિરભિમાનીપણું સૂચવે છે. ઉત્તમ પુરૂષો સ્વમુખે આત્મપ્રશંસા કદી પણ કરતા નથી. આ પ્રસંગમાં કોઇ બીજું તો હાજર હતું નહીં, તેથી એ વાત સર્વના અજાણપણામાં જ રહે છે. અલ્પસત્વી પ્રાણીઓ પોતે નાનું સરખું પૂણ્યકાર્ય કર્યું હોય તેની બીજાને ખબર ન પડે તો પોતે અનેક પ્રકારની યુક્તિ પ્રયુકિતથી તે વાત બીજાઓને જણાવે છે, અને ત્યારે જ તેને નિવૃત્તિ થાય છે. પોતાના કરેલા પરમાર્થને પોતે જીરવી શકતા નથી. જો કે ઉત્તમ કાર્યમાં એક પ્રકારની સુગંધ રહેલી હોય છે કે જેથી તે જણાયા સિવાય રહેતુંજ નથી, પરંતુ તેને વિલંબ લાગે તો તેટલો વિલંબ પણ અલ્પસત્વી જીવ પોતાના નાના સરખા સત્કાર્ય માટે પણ સહન કરી શકતા નથી. બાકી જ્યારે મોટું કાર્ય કરે છે ત્યારે તો પ્રથમથી જ તેના વાજીત્રોને તૈયાર રાખે છે, કે જેઓ તેનો અવાજ કર્યાજ કરે છે, પરંતુ એ ખરા ગુણની ખામી સૂચવે છે.

ચંદરાજા પોતનપુરથી પ્રયાણ કરી આભાપુરી આવતાં માર્ગમાં અનેક સ્ત્રીઓ પરણે છે. આ એક પ્રકારની પુણ્યપ્રકૃતિ છે, પરંતુ એવા પુણ્યાનુબંધી પુણ્યવાળા મહાપુરૂષો તેમાં તીવ્ર આસક્તીવાળા હોતા નથી. તેમને ભોગ્યકર્મનો ઉદયજ તેમાં બહુધા પ્રવૃત્તિ કરાવે છે.

ચંદરાજા અનુક્રમે આભાપુરી નજીક આવે છે, સૌને ખબર પડે છે અને બહુ આડં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં તો પ્રભુનું જે દૂરથી ઝાંખું દર્શન થયું હતું તે પૃથ્વીના દૂર દૂર ભાગમાં ડૂબી જતું હોય, ગળી જતું હોય, વિસરાઇ જતું હોય એમ જણાયું. આથી વિશિષ્ટ ધોરણે પ્રભુનું સાધ્ય પ્રાપ્ત કરવાના માર્ગ પર વધારે વિચારણા ચાલી અને સ્તવનાના લયમાં આગળ પ્રવેશ વધતો ગયો.

અજિતનાથ પ્રભુના માર્ગમાં આગળ વધવાનો શુદ્ધ રસ્તો કયો? તેનો વિચાર કરતાં તો જાણે સન્મુખ ભવ્ય દેરાસર હતું, તેમાંના આત્મસાક્ષાત્કાર કરાવનાર પરમાત્મા વધારે દૂર થતાં હોય એમ ભાન થયું, વચ્ચેનો અંતર વધતો જણાયો. એ સાધ્યે પહોંચવાના ચાર રસ્તા જણાયા. (૧) ગુરૂજન—વડિલ વર્ગને અનુસરી તેમને પગલે ચાલવું. (૨) આગમદર્શિત માર્ગે પ્રયાણ કરવું. (૩) પોતાના તર્કનો ઉપયોગ કરી આત્મ સ્વરૂપનો સાક્ષાત્કાર કરી તેને પ્રાપ્ત કરવાનાં સાધનો વિચારવા. (૪) અને દિવ્ય જ્ઞાન—વિશેષ જ્ઞાનની મદદવડે પ્રભુનો પંથ નિહાળવો. આ ચારે માર્ગપર વિચાર ચાલ્યો અને તેમાં શું શું મુશ્કેલી આવે છે તે પર વિચારણા આગળ વધી.

માત્ર પુરૂષપરંપરાથી પ્રભુના માર્ગને પહોંચવાનો રસ્તો વિચારતાં એમાં ઘણી મુશ્કેલી જણાઇ. શાસ્ત્રવિચારણામાં જમાનાઓએ અસર કરેલી જણાઇ, પરમાર્થ તત્ત્વ વિચારતાં સર્વ પ્રાણીઓ સ્થૂળ ભાવોને છોડી શકતા નથી, કેટલાક પોતાની વિચારણાને પુષ્ટિ મળે તેવાં શાસ્ત્રનાં વાકયોને પ્રાધાન્ય આપી પોતાના અભિમત મતને વિરૂદ્ધ પડે તેવાં વાકયો સગવડ પડતી રીતે છોડી દે છે એમ દેખાયું, પરંપરામાં કેટલોક ભાગ સ્થૂળ તત્ત્વને આદરી બેસનારો આવી જાય એમાં નવાઇ નથી, કારણ સર્વથા આત્મિકદષ્ટિએજ વિચાર કરનારી પરંપરા હોય એમ ધારી લેવું એ જનસ્વભાવના અભ્યાસને અપમાન કરનારૂં હોય એમ જણાયું. પરંપરા વિચારવા યોગ્ય છે, સમજવા યોગ્ય છે, પૃથક્કરણ કરવા યોગ્ય છે, પણ વગર વિચાર્યે માત્ર પરંપરા છે તેથી અનુકરણ કરવા યોગ્યજ છે, એમ ધારી લેતાં તો સાધ્યથી ઉલટી દિશાએ પણ જવાનો સંભવ જણાવાથી એના ઉપર એકલો આધાર ન રહી શકે એમ જણાયું. ઐતિહાસિક દષ્ટિએ ગચ્છના ભેદો જે નજીવા કારણથી પડ્યા છે તે વિચારતાં અને તાજા ઇતિહાસમાં મુહુપત્તિ વ્યાખ્યાન વખતે બાંધવા ન બાંધવાના, ચોથ પાંચમનાં અને ચતુર્થ સ્તુતિ નિર્ણય વગેરેના સ્થૂળ વિચારો, વિષયની અલ્પ મહત્તા અને તે માટે થયેલ વીર્ય વ્યય પર વિચાર કરતાં માત્ર એકલી પરંપરા માટે બહુમાન થાય તેવું સ્વાભાવિક રીતે નજ જણાયું. દરેક હકીકત પર સ્વતંત્ર વિચાર કરવાની જરૂર છે, અને તેમાં પરંપરાની બાબત એક અંગ તરીકે ઉપયોગી છે એમ મનમાં લાગ્યું, પણ પરંપરાગત નિર્ણયને તે ખાત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપે સ્વીકારવા પહેલાં ઘણી વિચારણીય પરિસ્થિતિમાંથી પસાર થવાની જરૂર છે એમ જણાયું.

પરંપરા ઉપર વિશેષ વિચાર કરતાં ઇતિહાસની નજરે અને શબ્દ પ્રમાણની નજરે મૂળ ઉપદેશમાં જમાનાને અનુસરીને ઘણો ફેરફાર થયો હોય એમ જણાયું અને દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની મર્યાદા લક્ષમાં રાખી જે ફેરફાર પ્રસંગાનુસાર જવાબદાર નેતાઓએ દીર્ઘદૃષ્ટિ વાપરીને કરવાની જરૂર છે અને જે જરૂર વિતરાગ પ્રવચને સ્વીકારી છે તે છેલ્લા એક બે સૈકાઓથી તદ્દન વીસરાઈ ગઈ હોય એમ જણાતાં એકલી પરંપરા પર આધાર ન રહી શકે એમ સ્પષ્ટ ભાન થતું ગયું, પણ તે બાબત તદ્દન નિરપેક્ષપણે છોડી દેવાની નથી એમ પણ સાક્ષાત્કાર થયો. અજિતનાથ પ્રભુનો પંથડો નીહાળતાં પરંપરા ઉપરજ માત્ર આધાર રાખી શકાય તેમ નથી એમ ભાન થયું, ત્યારપછી સાધ્ય પ્રાપ્ત કરવાનો બીજો માર્ગ એ લાગ્યો કે સૂત્રસિદ્ધાન્તમાં જે માર્ગ બતાવ્યો છે તેને અનુસરવું. એ દૃષ્ટિએ વિચારતાં તો વળી વધારે મુશ્કેલી જણાઇ. પ્રભુનું સાધ્ય લક્ષમાં રાખી જે માર્ગે પરમાત્મા પ્રવર્ત્યા તે માર્ગે અનુસરવાનું કામ તો ઘણું મુશ્કેલ લાગ્યું, લગભગ અશક્ય જેવું જણાયું. આગમદૃષ્ટિએ તો વ્યવહાર અને નિશ્ચય બન્નેને બરાબર સાચવીને વર્તન કરવાનું હોવાથી તેમાં પ્રવૃત્તિ કરતાં તરવારની ધાર પર ચાલવા જેટલું કાઠિન્ય જણાયું. સ્થૂળ નજરથી સર્વ પ્રવૃત્તિમાં જીવવધાદિ પાપસ્થાનકો દ્રશ્યમાન થવા લાગ્યા અને આંતરદૃષ્ટિથી વિષય અને કષાયો તથા રાગદ્વેષનું સામ્રાજ્ય સર્વત્ર નજરે પડવા લાગ્યું. આવી રીતે બાહ્ય અને આંતરદૃષ્ટિથી એક ડગલું ભરવામાં પણ ઘણી મુશ્કેલી જણાઈ અને વિશુદ્ધ નજરે ( નિશ્ચય દૃષ્ટિએ ) જોતાં તો પગ મૂકવાનું કે એક જરા પણ આગળ વધવાનું બની શકે એમ નથી એમ જણાયું. જ્યાંસુધી વ્યવહાર અને નિશ્ચયનો અરસપરસ સંબંધ સમજાય, તેમની તુલના થાય, એ બન્નેનો ઉપર ઉપરનો વિરોધ દેખાતાં છતાં અંતરમાં રહેલ એકતાનો સાક્ષાત્ અનુભવ કરવા જેટલી આત્મિક જાગૃતિ પ્રાપ્ત થાય ત્યાંસુધી માત્ર આગમની દૃષ્ટિએ જ જો ચાલવાનો વિચાર કરવામાં આવે તો એક ડગલું પણ આગળ વધી શકાય તેમ નથી એમ જણાયું, અને અનુભવની જાગૃતિ થયા પછી આત્મામાંથીજ પ્રતિધ્વનિ રૂપે જવાબ મળે એવી સુંદર સ્થિતિ પ્રાપ્ત થઇ જાય ત્યારે તો પછી આગમના જ્ઞાનની કે ઉપયોગની પણ જરૂર ન રહે એવી આશ્ચર્યજનક સ્થિતિ થતી હોવાથી એવી આંતરસ્થિતિ થતાં સુધી આગમના અક્ષરજ્ઞાનનેજ માત્ર અનુસરવાની વૃત્તિમાં આવી પડતી મુશ્કેલીઓ ખડી થઇ ગઇ. એ દૃષ્ટિએ વિચાર કરતાં તો પ્રશસ્ત પ્રવૃત્તિમાં પણ ધમાલ જણાઇ, શુભ કામ કરવામાં પણ આરંભ દેખાયો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યપૂજામાં જીવહાનિ જણાઇ અને એવી ચિત્રવિચિત્ર પરિસ્થિતિ જણાઈ કે એ ઘુંચમાંથી કેવી રીતે બહાર નીકળવું તેનો ખ્યાલ આવતો પણ અટકી ગયો, આથી માત્ર આગમ દૃષ્ટિએ જોતાં પણ સાધ્ય સમીપ આવતું હોય એમ ન લાગ્યું.

સાથે એમ પણ લાગ્યું કે પરંપરાનો અનુભવ અને આગમજ્ઞાનનો યોગ્ય અંકુશતળે ઉપયોગ હોય તો સ્થિતિ કાંઇક સુધરે ખરી, પરંતુ જ્ઞાનની નિર્મળતા અને ઉપયોગની વિશુદ્ધિ કેટલી થઇ છે? અનુભવ જાગૃતિ થઇ છે કે નહિ? તેનો નિર્ણય કરવાનું કામ ઘણું આકરૂં લાગ્યું, સામાન્ય પ્રાકૃત જનસમાજની સમજણ કરતાં જરા વિશેષ વાંચન કે ઐતિહાસિક નજરને અનુભવ જાગૃતિ માની લેવાની રીતિ પણ અસત્ કલ્પના કેટલી લલચાવનારી છે અને તે કેટલી નુકશાન કરનારી નીવડે છે એ વિચારથી એક જાતનો આંતર પ્રત્યાઘાત થયો. આવી રીતે સાધ્યે પહોંચવાની મુશ્કેલીમાં વધારો થતો જણાયો.

પરંપરા અનુભવનું અનુકરણ અને આગમદ્વારા વસ્તુ વિચારણા એ બહારનાં સાધનો વિચારતાં તે દ્વારા સાધ્યે પહોંચવાની મુશ્કેલી પર કાંઇક ખ્યાલ થયા પછી તૃતીય માર્ગ તર્ક વિચારણાનો છે. તે પર વિચાર થતાં ત્યાં તો હેત્વાભાસો, અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને ભાવાભાવના ડુંગરાઓ જણાયા. શબ્દની મારામારી, વ્યાખ્યાઓની વિચિત્રતા, લક્ષણનું અસ્થિરત્વ, પ્રથક્કરણ કરવાની નાના પ્રકારની પદ્ધતિઓ પર વિચાર કરતાં અક્કલ કામ કરે તેમ નથી તેમ જણાયું. દરેક દર્શનકારોએ પોતાની તર્કશક્તિનો ઉપયોગ કરી પદાર્થની જે રચના બતાવી છે અને અરસ્પરસની વ્યાખ્યાઓ ખોટી બતાવવા તથા નિર્ણય ન ટકી શકે તેવા બતાવવા જે પ્રયત્નો કર્યા છે તે વિચારતાં જીંદગી પૂરી થાય, પણ એક નિર્ણય પર આવી શકાય નહિ એવી સ્થિતિ જણાઇ, અને તેમાં પણ જ્યાં શબ્દની મારામારી ચાલે, સામા ચર્ચા કરનારને કોઇપણ પ્રકારે પરાસ્ત કરવાની ઇચ્છાથીજ વાતચીત શરૂ થાય, સત્ય શોધક બુદ્ધિ કરતાં સ્વમત સ્થાપના કરવાના સિદ્ધાન્તથી વાર્તાલાપ ચાલે ત્યાં શબ્દના કેવા ઝગડા થાય છે તેની સાંભળેલી, અનુભવેલી અને વાંચેલી વાતો યાદ કરતાં એ માર્ગે તત્ત્વપ્રતીતિ કે તત્ત્વપ્રાપ્તિ થવાનો તદ્દન અસંભવ જણાયો. યુક્તિ કરતાં કુયુક્તિઓ વધારે હોય છે એવું પરંપરા શ્રવણ કરેલું વાક્ય યાદ આવ્યું અને શબ્દના ઝગડાઓ કેવા થાય છે તે સ્મરણમાં આવ્યા. અભાવાભાવને ભાવ કહેવાય કે તે કોઇ જૂદીજ ત્રીજી વસ્તુ છે. એવા એવા ઝગડાઓ ઉપર લખાયલા પુસ્તકોનો વિચાર કરતાં જ્ઞાનસારનો [2]લોક યાદ આવી ગયો કે 'વાદ અને પ્રતિવાદ કરતાં તો તત્ત્વનો પાર કદિ પણ પામી શકાતો નથી, તેમાં તો ઘાણી પીલતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળદ જેવી ગતિ થાય છે.' આખો દિવસ ફરે છતાં ઘેરનો ઘેર રહેનાર ઘાણીનો બળદ આખો દિવસ ચાલતાં છતાં દૂર જઇ ન શકે એવી વાતતર્કના ઝગડાઓમાં જોઈ. વૈશેષિકોએ ખીલવેલ તર્કશાસ્ત્રના કાંઈક પરિચયથી આ રસ્તે નિર્ણય પર આવી જવાની મુશ્કેલી સ્પષ્ટ જણાઇ, થોડા વખત પરજ સર્વદર્શન સંગ્રહ, ષડ્દર્શન સંગ્રહ, સિદ્ધાન્તસાર વિગેરે પુસ્તકો વિચારવાનો પ્રસંગ બન્યો હતો તે હૃદય સન્મુખ રજુ થયો અને એ ઝગડાનો માત્ર ન્યાયની કોટિઓથી છેડો આવી શકે એ તદ્દન અસંભવિત જણાયું. 'આપો કહે આંધારો કુવો, ઝગડા ચુકવી કોઇ ન મુવો' એ વાકયની સત્યતા આ ન્યાયના ઝગડામાં સ્પષ્ટ જણાઇ, જીવન–ભવ પહેલાંની અને પછવાડેની બાબતમાં રહેલ ગૂઢતા ( mytery ) હોય ત્યાંસુધી તર્કનું ગમે તેટલું જોર બતાવવામાં આવે તેથી માત્ર મગજની ખીલવણી થાય, પણ તત્ત્વનો અંત પમાય કે સાધ્યના માર્ગમાં સ્પષ્ટ સરલતા થાય જ એમ ન જણાયું. સાધ્ય પ્રાપ્ત કરવામાં બહારના સાધનો પૈકી પરંપરાગત અનુભવ અને આગમજ્ઞાન જેમ ઉપયોગી થઇ શકે તેમ તર્ક વિચારણા ઉપયોગી થઇ શકે એમ તો ખાસ લાગ્યું, પરંતુ એથી જે નિર્ણય ઉપર આવી શકાય તે ચોક્કસ બરાબરજ હોય અને તે કદિ પણ ખોટે રસ્તે નહિજ લઇ જાય એવો નિર્ણયાત્મક, સ્પષ્ટ, ચોખો માર્ગ તે પણ નથી એમ લાગ્યું.

આવી રીતે માત્ર પરંપરાગત અનુભવથી જોતાં, શબ્દપ્રમાણથી જોતાં અથવા તો તર્કવિચારણાથી નિર્ણયપર આવતાં એમ સ્પષ્ટ જણાવા લાગ્યું કે વસ્તુતત્ત્વ હોય તે પ્રમાણે બતાવનાર વિરલજ હોય છે, એવી દૃષ્ટિથી વિચાર કરનારા સર્વ પોતપોતાને અનુકૂળ આવે તેમ વાતને ખેંચીને દલીલ કરે છે, પણ સાધ્યનો માર્ગ સરલ કરતા હોય, દર્શનના પ્રત્યવાયો ઓછા કરતા હોય એમ જણાયું નહિ. એ દૃષ્ટિબિંદુથી વિચાર કરતાં અજિતનાથનો પંથડો વધારે વિષમ જણાયો, વળી મનમાં એમ પણ લાગ્યું કે વસ્તુતત્ત્વ વિચારણાને અંગે ભવાંતરના ગૂઢ રહસ્યો સમજવા માટે અને તેનો નિર્ણય કરવા માટે, આત્મા કર્મનો સંબંધ-સમજવા માટે, આત્માની છેવટની અંતિમ સ્થિતિ શું થાય છે તેનો નિર્ણય કરવા માટે સ્થૂળ વિચારણાશક્તિ ઉપરાંત કોઇપણ પ્રકારના દિવ્ય જ્ઞાનની ખાસ જરૂર છે. એવા દિવ્ય જ્ઞાનથી આત્માની પુનર્ભવને અંગે સ્થિતિ પરિસ્થિતિ સમજવામાં આવે તો પછી સ્પષ્ટ નિર્ણયપર આવી શકાય. આવા દિવ્ય જ્ઞાનની પ્રાપ્તિની આશામાં હાલ તો આ પ્રાણી વિશ્વાસ રાખી રહ્યો છે અને પરમાત્મા તે માર્ગ જલદી પ્રાપ્ત કરાવે એ વિચારમાં આનંદ લહેર અનુભવે છે.

દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થાય ત્યાંસુધી સાધ્યને સન્મુખ રાખી એકલી પરંપરા, આગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મજ્ઞાન કે તર્કવિચારણાપર આધાર ન રાખતાં ત્રણેનું સંમિશ્રણ કરી આગળ વધવાનો નિર્ણય કર્યો, એ ત્રણેના સંમિશ્રણથી ઘણું સુંદર પરિણામ આવશે એમ જણાયું; બાકી ત્યાંસુધી દિવ્ય જ્ઞાન પ્રાપ્તિની આશામાં રહેવાનું કાર્ય ઘણું સુંદર લાગ્યું. આવી રીતે પ્રભુના માર્ગપર વિચારણા કરતાં અને નિરીક્ષણ કરતાં મનમાં અનેક પ્રકારના તરંગો આવવા લાગ્યા, આંતરમાં અનેક આશાઓ ઉભી થઈ અને ચેતન અનેક પરિસ્થિતિનો સાક્ષાત્કાર કરવા લાગ્યો.

આ સ્થાનપર મહાત્મા કલિકાલ સર્વજ્ઞ પધાર્યા હશે ત્યારે તેઓએ કેવી આત્મદશા અનુભવી હશે, ભવ્ય દેરાસરમાં મોહક મૂર્ત્તિની સ્થાપના વખતે ધર્મના કેવા ડંકા વાગ્યા હશે, આપણા પૂર્વ પુરૂષો કેટલી મોટી સંખ્યામાં અહીં એકઠા થયા હશે, ધર્મપર અપરિમિત પ્રેમ રાખનાર મનુષ્ય અને શાસનદેવોને કેવો આનંદ થયો હશે તે વિચારણા કરતાં કરતાં સામા શિખરપર જાણે મહારાજા કુમારપાળ ધ્વજદંડ ચઢાવતા હોય, બાજુમાં તેના મંત્રી સુવર્ણમય દંડાને હાથ લગાડી ઉભા રહ્યા હોય, ચોકમાં મહાત્મા કલિકાલ સર્વજ્ઞ પોતાના ધવળવેશમાં ઉઘાડા મસ્તકે દેવોને બલિબાકુલ દેવાની ક્રિયા ઉપર ધ્યાન રાખી જોઇ રહ્યા હોય, અને સેંકડો મનુષ્યો પર્વ દિવસના ઉચ્ચ વસ્ત્રાભુષણો ધારણ કરી વિશાળ ચોકમાં હર્ષોત્સુકપણામાં આનંદથી મહોત્સવ નીરખી રહ્યા હોય એમ કલ્પનાએ જોયું. એ દિવસનો આનંદ કેવો અપાર હશે તેનો મન ખ્યાલ કરવા લાગ્યું. એજ તીર્થપર મહાત્મા આનંદઘનજી પધાર્યા હશે ત્યારે અજિતનાથપ્રભુનો પંથડો નિહાળવામાં પોતાને લાગેલી મુશ્કેલીઓને તેઓએ ગાઈ બતાવી હશે, પરંપરા રસિક, ઉત્સાહી, પણ દોરવાઇ ગયેલા ધર્મયુવાનોએ અનુભવની ચાનક લગાવી હશે ત્યારે જે શાંતસ્થાન—એકાંતપ્રદેશમાં તેમણે પ્રભુના પંથની મુશ્કેલી જોઇ હશે, તેનો ખ્યાલ કરતાં કરતાં રાત્રિના બારનો સમય થયો. ચંદ્ર પૂર પ્રકાશમાં સાથે આવ્યો હતો તે વખતે પ્રભુના સાધ્યની વિચારણામાં અને કુમારપાળમહારાજાના સમયની કલ્પના કરતાં કરતાં પડખે પડેલી ભુમિશય્યામાં પડી સ્વપ્નાવસ્થામાં તેજ સ્થિતિનો વિશેષ અનુભવ કર્યો. બીજે દિવસે નજીકની ટેકરીપર રહેલી પાદુકાની ભેટ કરી પ્રભુના આંતરસ્વરૂપનું ભાન કરાવનાર વિશાળ મૂર્ત્તિને દ્રવ્યભાવથી પૂજી મનમાં તેમને ત્રાટકરૂપે સ્થાન આપી આગલી રાત્રીના અનુભવનું સ્મરણ, ચિંતવન અને નિદિધ્યાસન કરતાં ટેકરી પરથી પાછા ઉતરતાં મનમાં ભાસ થયો કે જાણે સ્વર્ગસુખથી સ્થૂળ સુખ તરફ અથવા સંસાર તરફ ઘસડાઈ જઇએ છીએ, અને છેવટે જ્યારે રેલવેના દર્શન થયા એટલે પાછા સંસારની પરિક્રમ્માસાં પડવાના ખ્યાલથી મનમાં એક પ્રકારનો આઘાત થયો. આવી રીતે એક અત્યંત સુખી દિવસના અનુભવનો અંત આવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા જીવનના સુખી દિવસોને અથવા ક્ષણોને નિરંતર હૃદયમાં કોતરી રાખવાની જે પ્રણાલિકા અંત્ય આરાધનાને અંગે સિદ્ધાન્તમાં બતાવી છે તે હકીકતની સુરચતા હજુ પણ યાદ આવે છે, સુજ્ઞ વિચારકે જીવનના (ધાર્મિક) સુખી પ્રસંગોની નોંધ તાજી રાખવાની ખાસ જરૂરીઆતમાં રહેલી મહત્તાનો અહીં બરાબર ખ્યાલ થયો.

**મૌક્તિક.**

# अत्यंत खेदकारक मृत्यु.

## ભાઇ શ્રી અમૃતલાલ પુરૂષોત્તમનો સ્વર્ગવાસ.

આ બંધુ ભાવનગરના વતની હતા પણ વ્યાપાર નિમિત્તે મુંબઇ નિવાસી થયેલા હતા. તેમની જન્મભૂમિ રાંધણપુર હતી અને તેઓ રાંધણપરા તરીકે ઓળખાતા હતા. રાંધણપુર નિવાસી એક ખાનદાન કુટુંબમાં એમનો જન્મ થયો હતો સં. ૧૯૨૩ ના માગશર વદી ૧૦ એમની જન્મ તિથિ હતી. એમના પિતાશ્રી અત્યંત પ્રભુભક્ત હતા. ભાવનગર નજીક આવેલા વરતેજ નામના ગામમાં **શ્રી સંભવનાથજી** મહારાજનું પરમ સુંદર ચૈત્ય બંધાવવામાં અને તેની સુંદરતામાં વૃદ્ધિ કરવામાં એમનો સતત પ્રયાસ હતો. એઓ સંભવનાથજીને પોતાના શેઠ ( માલેક ) કહેતા હતા. એમના સુપુત્રે તેમને પગલે ચાલવાનું જ યોગ્ય ધાર્યું હતું અને તેમને એ પરમાત્માની ભક્તિ આ ભવ આશ્રીને પણ સંપૂર્ણ ફળીભૂત થઇ હતી. એમણે સામાન્ય સ્થિતિમાંથી એવી સારી સ્થિતિ પ્રાપ્ત કરી હતી કે જેની પ્રતિતી તેમણે પોતાને હાથે શુભ નિમિત્તોમાં પૃથક્ પૃથક્ વ્યય કરવાની ચોકસ નિર્માણ કરેલી મોટી રકમથી જ થઇ શકે છે.

એઓ સ્વભાવે શાંત, મિલનસાર અને મિતભાષી હતા, પરંતુ દાંભિક બીલકુલ નહોતા. દિલ ઉદાર હતું. પરમાત્માની ભક્તિ તરફ અત્યંત પ્રેમ હતો. છેવટના આઠ માસ શરીર સ્થિતિ નરમ રહી તે પ્રસંગે પણ તેમણે પરમાત્માના નામનું જ સ્મરણ કર્યા કર્યું હતું. વ્યાધિના કોઇપણ કઠિન પ્રસંગમાં અન્ય શબ્દોચ્ચાર તેમણે કર્યો નહોતો. શારીરિક ઉપચાર સારી રીતે કરાવવા માટે છેવટના બે માસથી મુંબઇ ગયા હતા, પરંતુ કોઇપણ ઉપચાર તેમના વ્યાધિ ઉપર લાગુ પડી શક્યો નહોતો. જેને પરિણામે માગશર શુદિ ૧૩ ના પ્રાત:કાળમાં ચોપાટી પરના બંગલામાં તેમણે એક પુત્ર, એક પુત્રી, વિધવા સ્ત્રી અને બીજા બહોળા પરિવારને તજી દઇને દેહત્યાગ કર્યો હતો. એમના મરણથી ભાવનગરના સંઘને, મુંબઇના ગોઘારી તેમજ રાંધણપુરા ભાઇઓને અને અમારી સભાને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. એમનો સભા તરફ પૂર્ણ પ્રેમભાવ હતો અને તેની ઉન્નતિ માટે પ્રયત્નશીલ હતા. તેમના પુત્ર **હીરાલાલ** જેઓ બી. એ. થયેલા છે અને જેમણે પિતૃભક્તિ એવી ઉત્તમ પ્રકારે કરી છે કે જેથી લોકો તેમની કેળવણીને વખાણે છે, તેઓ પોતાનો બહોળો વ્યાપાર સંભાળશે અને પિતાને પગલે ચાલી તેમની ખામી પૂરી પાડશે એવી આશા છે. પિતાને સારે પગલે ચાલવું એજ સુપુત્રનું લક્ષણ છે, કેળવણી પણ તેવી શુભ પ્રવૃત્તિથી જ શોભે છે. અમે તેના સર્વ કુટુંબને અંતઃકરણથી દીલાસો આપીએ છીએ અને તેમના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવિન સાહસ ! સસ્તુ વાંચન ! અપૂર્વ ખજાનો.

દરેક જૈન બંધુઓને અતિ ઉપયોગી, સચિત્ર.

# સસ્તી જૈન વાર્તામાળા.

## એક રૂપિઆમાં પાંચસો પૃષ્ઠનું ઉત્તમ જૈન સિદ્ધાંતોથી ભરપૂર વાંચન

નવા જમાનાને અનુસરી વિદ્વાન લેખકોની કસાયેલી કલમથી દર ત્રણ માસે સવાસો પાનાનું પુસ્તક બહાર પડશે. જેની અંદર જૈન સમાજનું આધુનિક દિગ્દર્શન, જૈન તત્વો, ધાર્મિક શિક્ષણ, આપણો જૈન સંસાર વિગેરે વિષયો ઘણાજ રસીક અને નવિન શૈલીથી ઉત્તમ નોવેલ રૂપે બહાર પડશે.

### વાર્તા ૧ લી—ઉદયચંદ્ર.

આ વાર્તામાં આધુનિક જૈન સમાજનું આબેહુબ ચિત્ર આલેખવામાં આવ્યુ છે, જે દરેક જૈનોએ ખાસ વાંચવા લાયક છે.

### વાર્તા ૨ જી—સતિ રાજેમતી.

જેની અંદર નવિન જમાનાની શૈલીથી રાજેમતી અને ભગવાન શ્રી નેમનાથનુ જીવન આલેખવામાં આવશે.

આવી રીતે અનુક્રમે દરેક વરસમાં ચાર ઉત્તમ સચિત્ર વાર્તાઓ ફક્ત ટપાલ ખર્ચ સાથે રૂપીઆ એકમાં મળશે. માટે તુરતજ ગ્રાહક થવા ભલામણ છે. અગાઉથી વી. પી. સ્વીકારનારને એક વાંચવા લાયક નોવેલ ભેટ મળે છે.

**મેનેજર સસ્તી જૈન વાર્તામાળા.**

ઠે૦ મેસર્સ એફ. એમ. શાહની કું. કરાંચી—જોડિયા બજાર.

# अध्यात्मसार भाषांतर.

## ( મૂળ શ્લોક અને મૂળના તથા ટીકાના ભાષાંતર સહિત )

આ બુકની અંદર અધ્યાત્મસાર આખા ગ્રંથની અંદર રહેલું રહસ્ય બહુ સારી રીતે સ્ફુટ કરેલું છે. આ ભાષાંતર તૈયાર કરવામાં, તપાસવામાં તેમજ છપાવવામાં આ સભાનો પૂર્ણ પ્રયાસ છે, તેના પ્રસિદ્ધકર્તાએ તેની તમામ બુકો સભાને વેચવા માટે આપેલી છે. તેની કિંમત રૂ. ૨) છે અને તે ૬૦ ફારમ ઉપરાંતની પાકાં બાઇંડીન્ગવાળી હોવાથી યોગ્ય છે, છતાં તે બુકની અંદર એક નકલ ખરીદ કરનારને પણ ટકા ૨૫ કમીશન આપવાનું મુકરર કરવામાં આવ્યું છે. જેથી દરેકને રૂ ૧॥ થી મળી શકશે, પડતર કિંમત પણ તે કરતાં વધારે છે. સભાના લાઇફ મેંબરો પૈકી જેઓ મંગાવશે તેને રૂ ૧) ની કિંમતથી આપવામાં આવશે. બહારગામવાળાઓએ પોસ્ટેજના ચાર આના વધારે સમજવા. આજ નામની બીજી બુક પણ છપાયેલી છે, પરંતુ તેમાં ને આમાં અત્યંત તફાવત છે. તે વાંચવાથી તેમજ બુક જોવાથી તરતજ સમજી શકાય તેમ છે, તેથી પ્રસિદ્ધ કર્તા તરીકે શેઠ નરોત્તમદાસ ભાણજીનું નામ જોઇનેજ બુક ખરીદ કરવી. અધ્યાત્મજ્ઞાન મેળવવાના રસીક મનુષ્યોને આ બુક અત્યંત ઉપયોગી છે.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મહોપાધ્યાય યશોવિજયજી વિરચિત.

## શ્રી સીમંધર જિન સ્તવન.

આ ૩૮ ગાથાનું સ્તવન છપાયેલું મોકલનારના નામ શિવાય અભિપ્રાયાર્થે મળેલું છે, તે વાંચી જોતાં તે સ્તવનની કૃતિ અને વિચાર ઉપાધ્યાયજી મહારાજના હોય એમ જણાતું નથી. આ સ્તવનની અંદર પ્રારંભમાં જૂદો–મધ્યસ્થ દેખાવ આપીને અંદર પ્રતિક્રમણ પારતાં ઇર્યાવહી ન પડિકમવા જોઇએ, એવા પોતાના વિચારને પુષ્ટિ આપેલી છે. એ વિચાર ઉપાધ્યાયજી મહારાજની બીજી કૃતિ સાથે મુકાબલો કરતાં કોઇ રીતે તેમના હોય તેવું જણાતું નથી. તેથી ઝાડના નામથી ફળ વેચવાને ઇરાદે કોઈ અન્યે આ મહાત્માનું નામ કર્ત્તા તરીકે આપી દીધાનું જણાય છે. એવીજ રીતે દશ મત સંબંધી સ્તવનમાં તેમજ કુગુરૂ પચવીશી વિગેરેમાં પણ બનેલ જણાય છે. સ્વમત પુષ્ટિ માટે આવું કૃત્ય કરવું તે યોગ્ય લાગતું નથી. તંત્રી.

## શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર.

આ ભાષાંતરની બુક બહુજ રસિક તેમજ સંસારનું તાદૃશ ચિત્ર બતાવી આપનાર છે. ભુવનભાનુ કેવળીએ પોતાના પૂર્વભવનું સંક્ષિપ્ત ચરિત્ર ચંદ્રમૌલિ રાજા પાસે કહેલું છે, તેનો આ ચરિત્રમાં સમાવેશ છે. ખાસ વાંચવા લાયક છે. શ્રી વિરમગામ નિવાસી શા. ચુનીલાલ સાંકળચંદની આર્થિક સહાયથી બહાર પાડવામાં આવેલ છે. લાઇફ મેમ્બરોને અને જૈન સંસ્થાઓને ભેટ આપવામાં આવશે. પોસ્ટેજ એક આનો. કિંમત છ આના. પાકી છીંટ સાથે બંધાવેલ છે.

## શ્રી યુગાદિ દેશના ભાષાંતર.

આ મોટો અપૂર્વ ગ્રંથ છે. તેના પાંચ પ્રસ્તાવ છે. તેની અંદર વિષય, કષાય, લક્ષ્મી, સ્ત્રી વિગેરેના સંબંધમાં ઘણી રસિક કથાઓ સમાવેલી છે. પ્રથમ જિનેશ્વર ( ઋષભદેવ ) ના કુળનું ખાસ વર્ણન છે. આ બુક જૈન ધર્મ પ્રકાશના તમામ ગ્રાહકોને ભેટ આપવામાં આવી છે. કિંમત આઠ આના. પોસ્ટેજ દોઢ આનો.

લાઇફ મેમ્બરો.

૧ શ્રી [illegible] જૈન [illegible] વિદ્યાશાળા, સીનોર.

૨ શા. [illegible] મુંબઇ.

૩ શા. ચુનીલાલ [illegible] અમદાવાદ.

૪ શેઠ [illegible] મુંબાઇ. ( બીલીમોરાવાળા )

[illegible] વર્ગ ૨ જો.

૫ શા. [illegible]

૬ શા. [illegible]

For Private And Personal Use Only